Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

सर्वान् पश्यन्तु बन्धूनिव जगति जना भेदबुद्धिं विहाय
स्थाने पात्रे च कर्तुं वितरणमसकृद्यास्तु बुद्धिर्धनस्य ॥
दीने नम्रा भवन्तु प्रखरधनवतामग्रगण्या हि शश्वद् ।
'आत्मानन्द प्रकाशं' विदधतु हृदये श्रीजिनः श्रावकानाम् ॥

पु० २३ मु | वीर सं. २४५१. भाद्रपद. आत्म सं. ३० | अंक २ जो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर

## વિષયાનુક્રમણિકા.


| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ પર્વાધિરાજ પર્યુષણા. | ૨૯ | ૫ વાદિશ્રી દેવસૂરિ. ... | ... ૩૯ |
| ૨ વિશ્વરચના પ્રબંધ. ... | ૩૦ | ૬ સદાચાર અથવા સત્ક્રિયા. | ... ૪૪ |
| ૩ મનનો ફેરવ. ... ... | ૩૬ | ૭ ક્ષમાપના. ... ... | ... ૪૮ |
| ૪ છાપાઓથી થતાં કેટલાક લાભાલાભ. | ૩૭ | ૮ ચર્ચાપત્ર—વર્તમાનસમાચાર. | ... ૪૯ |
| | | ૯ ગ્રંથાવલોકન. ... | ... ૫૦ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી નવપદજીનાં પૂજા ( અર્થ, નોટ, મંડલ, યંત્ર, વિધિ વગેરે સહિત.)

પ્રભુભક્તિમાં તલ્લીન થઇ ઇષ્ટસિદ્ધિ જલદી પ્રાપ્ત કરવા માટે, પૂર્વાચાર્ય પ્રણીત પૂજાઓ એક કારણ છે. એવા હેતુથીજ **શ્રીમદ્ યશોવિજયજી મહારાજ કૃત નવપદજીની પૂજા,** અમોએ તેના **ભાવાર્થ, વિશેષાર્થ** અને **નોટ** સાથે તૈયાર કરી પ્રકટ કરેલ છે. સાથે **શ્રી નવપદજીનું મંડલ** તથા **શ્રી નવપદજીનો યંત્ર** કે જે આયંબીલ-ઓળી કરનારને પૂજન કરવા માટે ઉપયોગી છે, તે બંને છબીઓ ઉંચા આર્ટપેપર ઉપર મોટો ખર્ચ કરી ઘણા સુંદર સુશોભિત અને મનહર બનાવી આ ગ્રંથમાં દાખલ કરવામાં આવેલ છે. આ સાથે તેની સંપૂર્ણ **ક્રિયાવિધિ, ચૈત્યવંદન, સ્તવનો, સ્તુતિઓ** અને સાથે **શ્રીમાન્ પદ્મવિજયજી મહારાજ** અને **શ્રીમાન્ આત્મારામજી મહારાજ** કૃત નવપદજી પૂજાઓ દાખલ કરેલ છે. ઉંચા એન્ટ્રીક પેપર ઉપર ગુજરાતી સુંદર જૂદા જૂદા ટાઇપોથી છપાવી ઉંચા કપડાના બાઇડીંગથી અલંકૃત કરેલ છે. **શ્રી નવપદજી** આરાધનના જીજ્ઞાસુ અને ખપી માટે આ એક ઉત્તમ કૃતિ છે. કિંમત રૂા. ૧-૪-૦ પોસ્ટેજ જુદું.

પૃષ્ટ ૫૫૦ કિંમત રૂ. ત્રણ

## શ્રી દાનપ્રદીપ ભાષાંતર.

ધર્મના ચાર પ્રકાર-દાન, શીયલ, તપ અને ભાવમાં દાનધર્મ તે મુખ્ય છે.

આ દાનધર્મનાં ભેદો, તેનું વિસ્તારયુકત વર્ણન, તેના વિશેષ ભેદો અને આ દાનધર્મનું આરાધન કરનાર આદર્શ જૈન મહાન્ પુરૂષોનાં વીશ અદ્ભુત ચરિત્રો, કથાઓ અને બીજી અંતર્ગત વિશેષ ચમત્કારિક કથાઓ આ ગ્રંથના બાર પ્રકાશમાં આપવામાં આવેલ છે.

આ ગ્રંથ સાદ્યંત વાંચવાથી ગમે તેવો મનુષ્ય પણ દાનધર્મ આદરવા તત્પર થાય છે. સુશોભિત રેશમી કપડાના પાકું બાઇડીંગ કરાવી તૈયાર કરેલ છે.

દરેક મનુષ્યોએ પોતાના ઘરમાં-લાયબ્રેરીમાં અને નિવાસસ્થાનમાં તથા મુસાફરીમાં આ ઉપયોગી ગ્રંથ રાખવો જોઇએ. કિં. ૩-૦-૦ પોસ્ટેજ અલગ.

**જલદી મંગાવો! થોડી નકલો સીલીકે છે. જલદી મંગાવો!**

## શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર.

શ્રી નેમનાથ ભગવાન તથા સતી રાજેમતીનું નવ ભવનું અપૂર્વ ચરિત્ર, સાથે જૈન મહાભારત-પાંડવ કૌરવનું વર્ણન, અતુલ પુણ્યવાન શ્રી વસુદેવ રાજાના અદ્ભુત વૈભવની વિસ્તાર પૂર્વક કથા, મહાપુરૂષ નળરાજા અને મહાસતી દમયંતીનું અદ્ભુત જીવન વૃત્તાંત, તે સિવાય પ્રભુના પાંચ કલ્યાણકો, પરિવાર વર્ણન અને બીજી અનેક પુણ્યશાળી જનોના ચરિત્રથી ભરપૂર સુંદર ટાઇપ, સુશોભિત બાઇડીંગથી અલંકૃત કરેલ આ ગ્રંથ છે. વાંચતાં આલ્હાદ ઉત્પન્ન થાય છે. કિંમત રૂા. ૨-૦-૦ પોસ્ટેજ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

का अरई ? के आणंदे ? इत्थं पि अग्गहे चरे, सव्वं हासं परिच्चज्ज आलीणगुत्तो परिव्वए। पुरिसा ! तुममेव तुमं मित्तं किं बहियामित्तमिच्छसि ?। जं जाणिज्जा उच्चालइयं तं जाणिज्जा दूरालइयं, जं जाणिज्जा दूरालइयं तं जाणिज्जा उच्चालइयं। पुरिसा ! अत्ताणमेव अभिनिगिज्झ, एवं दुक्खा पमुच्चसि। पुरिसा ! सच्चमेव समभिजाणाहि, सच्चस्साणाए उवट्ठिए से मेहावी मारं तरइ। सहिओ धम्ममायाय सेयं समणुपस्सइ ॥

आचाराङ्गसूत्रम्।

पुस्तक २३ मुं. { वीर संवत् २४६१ भाद्रपद. आत्म संवत् ३०. } अंक २ जो.

## ૐ " पर्वाधिराज पर्यूषणा. "

**विधिनो प्रकार—** ( १ )

પર્યૂષણાનું પર્વ આ પર્વાધિરાજ ગણાય છે,
ઉત્સવ કરી અષ્ટાન્હિકા આરાધવા ફરમાન છે;
તપ–જપ–શિયળ- સંયમ અને ત્યાં શાસ્ત્ર શ્રવણુ કરાય છે,
પ્રેમે પ્રભુની પૂજના ગુરૂરાય વંદન થાય છે.

( ૨ )

ઉદ્‌ઘોષણાજ અમારીની વાત્સલ્ય સહધર્મિ તણાં,
પરીપાટી ચૈત્ય તણી કરી કરવી સુધર્મ પ્રભાવના;
દુષ્કર્મની આલોચના પ્રાયશ્ચિત ગુરૂ પાસે ગ્રહિ,
મિથ્યામિ દુષ્કૃત કાજ કર પ્રતિક્રમણુ શુદ્ધજ તે સહી.

( આમ છે માટે )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



माफीनो पकरार— ( २ )

વિધિ અને પ્રતિષેધની સમઝણુ વિના વિહ્વળપણે,
વિપરિત વર્તન જે કર્યું મોહાન્ધતાથી આપણે;
માફી ચહુ અપકૃત્યની નિજ હૃદય શુદ્ધ બનાવવા,
કરૂણા કરી અર્પો અરજ મમ મિત્ર મૈત્રી વધારવા.

સંઘવી વેલચંદ ધનજી.

# વિશ્વરચના પ્રબંધ

## નિવેદન-૧૦ મું.

( લેખક—મુનિ શ્રી દર્શનવિજયજી મહારાજ )

હવે જગત કયારે બન્યું, ને કોણે બનાવ્યું, એ ગુચવણુ ઉકેલવાની જરૂર છે, તે માટે જગતમાં બે માન્યતા પ્રસરેલી છે, નવ્ય વેદાંત, નૈયાયિક, વૈશેષિક, પાતંજલ; નવિન સાંખ્ય, ઇસાઇ મુસલમાન, ઉપનિષદ, ને કિશ્ચીયનના બાઈબલ ગ્રંથોમાં, કોઇ જગતનો કર્તા હોવો જોઇએ, એમ કહેલ છે. પશ્ચિમ સાંખ્ય પૂર્વમિમાંસકો જૈમીની સંપ્રદાય અને ભટ્ટ પ્રભાકર બૌદ્ધો વર્તમાન ફીલસુફીઓ, જૈનો જગતને અનાદિ સિદ્ધ કહે છે ( પ્રા૦ પ્ર૦ ૧૩૩ થી ૧૪૦ ) હવે જગતનો કર્તા માનનારાઓ પણુ એકજ સંપ્રદાયી કે જુદ જુદા સંપ્રદાયવાળા કેવી રીતે કલ્પના ઉભી કરે છે, ને કોની કોની શી માન્યતા છે, તે નીચેના પાઠો પાઠવવાથી માલુમ પડશે.

રૂગ્વેદ અષ્ટક ૮, અધ્યાય ૭, વ૦ ૧૭ મંડળ ૧૦ અનુવાક ૧૧, સૂત્ર ૧૨૯ માં લખે છે કે પ્રલય દશાવાળા જગતનું મૂળ કારણુ **नासदासित् नो सदासित् तदानीं नासीत् रजोनोव्यो मापरोपयेत् किमावरीवः कुहु काश्यप शर्म नभः किमासीत् गगनंगभी** એટલે કે અસત્ સત્ નહોતા વ્યોમ બ્રહ્માંડ, આવરણુ, આવરણુ ધારસ્થાનને પાણી ન હતાં રાત્રિ દિનનું જ્ઞાન ન હતું, માયાસહિત એક શુદ્ધ બ્રહ્મ હતું, એટલે ઉત્પત્તિના પુર્વે કાર્યસત્ વ્યક્તરૂપે નહિં પણુ અવ્યક્ત રૂપે હતું ( ૧-૨ ) પ્રલયદશામાં જગત કારણુ ભૂત માયાથી ઢાંકેલું હતું. પ્રતીત ન હતું, અવિભાગાપન્ન (અસત્) હતું (૩) અતીત કાલે જીવે કરેલ પુણ્યાત્મક કર્મના પરિપકવ ફળ દેવાના હેતુએ સર્વ સાક્ષી ફળદાતા ઇશ્વરના મનમાં સૃષ્ટિ કરવાની ઇચ્છા થઇ, ને સર્વ જગત બનાવ્યું, અનુભૂયમાન જગતના હેતુ ભૂત કલ્પાંતરમાં પ્રાણીએ કરેલ કર્મ પુંજને વિચારી, તદનુસાર-ત્રિકાળજ્ઞ સૃષ્ટી કરતો હવો (૪) ઉદયકાળે નિમેષ માત્ર કાળમાં સૂર્યના કિરણો વ્યાપે છે તેમ એક સાથે સૃષ્ટિ થતી હવી, તેમાં બીજરૂપ, કર્મ કર્તા જીવને આકાશાદિ ભોગ્ય-બનતા હવા, ભોક્તા ઉત્કૃષ્ટ બન્યો (૫) આ સૃષ્ટીક વિજ્ઞાન છે જેથી પરમાર્થ શું છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૃષ્ટિનું ઉપાદાન કારણ શું છે ? સૃષ્ટિ કોણે બનાવી ! કોણ ધારણ કરે છે કે નથી કરતો, તે કોઈ જાણી શકતું નથી. દેવો સૃષ્ટિના નિર્માણ પછી થયા હોવાથી તે પણ જાણી શકતા નથી જે આ જગતનો અધ્યક્ષ સ્વપ્રકાશમાં, સત્ય ભૂત આકાશમાં પ્રતિષ્ઠિત છે તે જાણે કે ન જાણે, બીજું કોઈ જાણી શકતું નથી (૬–૭) (શંકર૦ ૧૮૨) તૈતિરિય બ્રાહ્મણ કાંડ ૨. પ્રપા–૮ અધ્યાય ૯માં પણ આજ ઉલ્લેખ છે.

૨ ઋ૦ અ૦ ૮ અ૦ ૪ વ૦ ૧૭–૧૮–૧૯–મં૦ ૧૦ અનુ૦ ૭ સૂત્ર ૯૦ માં લખે છે કે, વિરાટ પુરૂષ ભૂમિને ચારે તરફથી વીંટી દશાંગુલ દેશને અતિક્રમી વ્યવસ્થિત છે (૧) જે જગત છે, હતું ને થશે તે સર્વ પુરૂષ છે. × × × (૨) આ પુરૂષના ત્રણ પાદ અમૃત–અવિનાશી છે ને ચોથા હિસ્સામાં ત્રિકાળના સર્વ પ્રાણી છે (૩) ત્રિપાત્ પુરૂષ બ્રહ્મસ્વરૂપ છે, ને તેનો પાદલેશ, માયામાં રહી સાશન, (દેવાદિક ચેતનરૂપે) અનશન (પર્વતાદિ) રૂપે બની વિશ્વમાં વ્યાપ્તવાન થાય છે. (૪) ભગવાને માયાથી વિરાટ રૂપ બનાવી જીવ રૂપે બની, તેમાં પ્રવેશ કર્યો. પછી દેવ મનુષ્યાદિ, ભૂમિને જીવોના શરીર, અનુક્રમે બનાવ્યા, (૫) પછી દેવોએ વસંત રૂતુને ઘી રૂપે, ગ્રીષ્મને ઇંધન રૂપે ને શરદને પુરૂડાસા વિકલ્પી માનસ યજ્ઞ કર્યો, (૬) સૃષ્ટિ સાધન યોગ્ય પ્રજાપતિ હતા અને તેને સહાયક રૂષિયો રૂપે દેવો હતા, તેઓ યજ્ઞમાં, સર્વ સૃષ્ટિમાં પ્રથમ જાત પુરૂષને પશુ કલ્પી યજ્ઞ કરતા હવા (૭) પ્રજાપતિ જ્યારે પુરૂષને સંકલ્પથી રચતો હતો ત્યારે તેને બ્રાહ્મણો મુખ, ક્ષત્રીઓ બાહુ, વૈશ્યો, ઉરૂ અને ક્ષુદ્રો પગરૂપે હતા. ૧૨ તે સર્વહુતયજ્ઞથી દહીં, ઘી, પશુ, રૂગ, યજુ, સામ, છંદ, ગાયત્રી, ઘોડા, ગધેડા, ખચ્ચર, ગાય, બકરી, અને ગાડર; ઉત્પન્ન થતા હવા, (૯–૧૦) પ્રજાપતિના મનથી, ચંદ્ર, ચક્ષુથી રવિ, મુખથી ઈન્દ્ર–અગ્નિ, પ્રાણથી વાયુ, નાભીથી આકાશ, મસ્તકથી સ્વર્ગ, પગથી ભૂમિ, ને શ્રોત્રથી દિશા, ઉત્પન્ન થયાં. (૧૩–૧૪) ઈત્યાદિ આ પુરૂષવાદ છે.

૩ યુજૂર્વેદ અધ્યાય. ૭ શ્રુતિયોમાં કહે છે કે પ્રલયકાલમાં વિશ્વકર્મા સર્વ લોકને સંહારિ એકાકી હતો, તે ફરી જગતની ઇચ્છાવાળો જીવરૂપમાં પ્રવેશ કરતો હવો. ૧૭. તે એકાકિ **ધર્માધર્મ**ને નિમિત્ત બનાવી, પંચભૂત ઉપાદાને કરી, સર્વને આંખ, મોઢું, બાહુ, અને પગ છે, જેના, એવો, થતો હવો, (૧૯) કરોળીયો પોતાના ચેપથી જાળ બનાવે છે, તેમ ઇશ્વરે પોતાથી જગત બનાવ્યું. માટે જગતનું ઉપાદાન કારણ કે નિમિત કારણ પોતે છે. (૨૦) ય. વા. સં. અ. ૧૩ મંડળ ૪ તથા ય. વા. સં. અ. ૧૭ મં. ૩૦ ની શ્રુતિ, આ બંન્ને પાઠમાં ઉપરથી જુદો અધિકાર છે. વળી તેના ભાષ્યકારો અને ટીકાકારો મૂળ પાઠને સ્પષ્ટ સમજી શક્યા નથી. તેથી દરેકે જુદો જુદો સંશયાત્મક અર્થ કર્યો છે.

૪ ય૦ વા૦ સં૦ અ૦ ૨૩. મં ૬૩ માં લખે છે કે–સ્વયંભૂ મહાન જલ સમુદ્રમાં પ્રાસકાળે ગર્ભ ધરતો હવો જે ગર્ભમાં બ્રહ્માજી ઉત્પન્ન થયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫ શુકલ યજુર્વેદ બૃહદારણ્ય અધ્યાય ૨ **तदापपांशर आसीत्, तत्स महन्यत, सा पृथव्य भवत्** પાણીનો કઠણ ભાગ હણાઇ ઘટ્ટ પૃથ્વી બની છે.

૬ બૃહદારણ્ય અધ્યાય ૨. બ્રાહ્મણ. ૪. માં કહે છે કે સૃષ્ટિમાં પ્રથમ આત્મા હતો, તે પ્રજાપતિરૂપ પુરૂષ બન્યો, તે એકલો હોવાથી ભય અને અરતિ પામવા લાગ્યો, ને અરતિ દૂર કરવા સ્ત્રી વસ્તુને ઇચ્છવા લાગ્યો, સ્ત્રી વિષે ગૃદ્ધિથી,– આત્માના બે ભાગ કરી, દંપતિ પરિણામવાળો થતો હવો, અર્ધ અંગથી થયેલ અર્ધાંગના શબ્દ ત્યારથી થયો છે. તે પ્રજાપતિએ શતરૂપા પુત્રિને સ્ત્રી બનાવી, મૈથુન સેવ્યું. તેથી મનુષ્ય થયા. પછી પુત્રી આ અકૃત્યથી પીડા પામીને પિતાને ધૃષ્ટ સમજી જાત્યંતર થવાની ઇચ્છાથી ગાય બની, એટલે પ્રજાપતિ બલદ બન્યો, તેના સંગથી ગૌજાતિ ઉત્પન્ન થઇ. એજ રીતે શતરૂપાને પ્રજાપતિના કૃત્યથી ઘોડા, ખચ્ચર, ગધેડા, બકરા ઘેટા, કીડી વિગેરે બન્યા.

૭ યજુર્વેદમાં બીજે ઠેકાણે કહે છે કે પ્રથમ આ જગત જલમય હતું, સૃષ્ટિકર્તા હવા થઇ તેમાં ડોલતો હતો. પછી તેણે ભૂમિ દીઠી, ને વરાહનું રૂપ ધારણ કરી ભૂમિને થોભી રાખી, તથા વિશ્વકર્મા થઇ સુધારી તેથી પૃથિત એટલે પૃથ્વી થઇ ગઇ. તે પર સૃષ્ટિકર્તાએ ધ્યાન કરી દેવતા, વસુ, આદિત્યને બનાવ્યા, દેવતાએ સૃષ્ટિ કારકને કહ્યું, કે અમો સૃષ્ટિ કેમ બનાવીયે ? વિરાટે ઉત્તર આપ્યો કે મોટી તપસ્યાથી જેમ મેં તમોને બનાવ્યા તેમ બનાવો, આખરે તેણે દેવોને આકાશાગ્નિ આપ્યો તેથી દેવોએ તપસ્યા કરી એક વર્ષભરમાં એક ગાય બનાવી આ સિવાય બીજું વર્ણન પણ છે. ( સતમત૦ ૨૨ )

૮ શુકલ યજુર્વેદ બ્રહદારણ્યક અધ્યાય ૪ માં કહે છે કે અગ્નિથી અગ્નિના કણોપેઠે આત્માથી પ્રાણ, લોક, દેવ અને ભૂતો થાય છે. ( પ્રમાણ સહસ્ત્રી સ૦ ૩ )

૯ મુંડકોપનિષદ ભાગ ૧ માં કહે છે કે **यथोर्ण नाभिः सृजते गृहणतेच, यथापृथव्यामौषधयः संभवन्ति, यथासतः पुरुषात्केशलोमानि, तथाऽक्षरात् संभवती ह विश्वम्:** જેમ કરોલીયો જાળ પાથરી જાળને ગળી જાય છે, જેમ પૃથ્વીમાં વનસ્પતિ થાય છે, જેમ શરીરે વાળ રૂવાંટાં થાય છે, તેવીજ રીતે ઇશ્વરથી સર્વ સૃષ્ટિ ઉપજે છે. ( પ્ર. સ. ૪ )

૧૦ કૃષ્ણ યજુર્વેદ તૈતિરીયોપનિષદ બીજી બ્રહ્મવલ્લીઅધ્યાય ૨ અનુવાક ૧ થી ૮ માં કહ્યું છે કે **तस्माद्वापतस्मादात्मनः आकाशः संभूतः–आकाशाद् वायुः वायोरग्निः, अग्नेरापः, अद्भ्यः पृथिवी, पृथिव्या–औषधयः, औषधेभ्योन्नं, अन्नात्रेतः, रेतसः पुरुषः, सवापष पुरुषोन्नरसमयः**–એટલે તે આ આત્માથી અનુક્રમે ઉત્તરોત્તરપણે આકાશ, વાયુ, અગ્નિ, પાણી, ઔષધિ, અન્ન, વીર્ય અને પુરૂષ, ઉત્પન્ન થયા છે, તે આ પુરૂષ અન્ન રસવાળો છે ( ૧–૨ ) * **अन्योन्तर आ-**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**त्मामाणमय: अ० मनोमयः अ० विज्ञानमय: अन्यो० आनन्दमयः** અન્ય અંતર આત્મા પ્રાણમય, મનોમય,—વિજ્ઞાનમય, અને આનન્દ મય છે ( ૩-૬ ) **सोऽकामयत! बहुस्यां प्रजायेति। सतपोऽतप्यत। सतपस्तप्त्वा। इदम् सर्वमसृजत। यदिदं किंच। तत् सृष्ट्वा। तदेवानु प्राविशत्। तदनुप्रविश्य। सच्चत्यच्चाऽभवत्। निरुक्तं चानिरुक्तंच, निलयनंचा निलयनंच, विज्ञानंचा विज्ञानंच, सत्यंचानृतंच, सत्यमभवत्। यदिदंकिंच तत्सत्यमित्याचक्षते।** તેણે વિચાર કર્યો કે હું બહું થાઉં, એને માટે તપસ્યા કરી તપ તપીને આ બધું બનાવ્યું, જે કંઈ આ છે, તેને બનાવીને તેમાં પ્રવેશ કર્યો તેમાં પ્રવેશ કરીને મૂર્ત અને અમૂર્ત રૂપે બન્યો, એજ પ્રમાણે નિરૂક્ત અને અનિરૂક્ત, નિલય અને અનિલય, વિજ્ઞાન અને માયા, સત્ય અને મિથ્યા. એ રીતે બન્યો જે કંઈ આ દેખાય છે તેને સત્ય ( મૂર્ત ) કહેવાય છે ( અનુ૦ ૭ ) **असद्वाइदमग्रआसीत्। ( नात्यन्तमेवासत्-नह्यसतः सज्जन्मास्ति ) ततोवैसदजायत। तदात्मानं स्वयमकुरुत॥** તે પ્રથમ અસત્ હતું ( અહિં અસત્નો " તદ્દન નહિ " એવો અર્થ થતો નથી કેમકે અસદમાંથી સત્ બનેજ નહિં.) પછી સત્ થયું અને સ્વયં આત્માને બનાવ્યો. * ( આનન્દાશ્રમ સંસ્કૃત ગ્રંથાવળી ગ્રંથાક ૧૨ )

૧૧ એતરીય બ્રાહ્મણ. ૫. કાંડ ૩૨ માં કહે છે કે—હું ઉત્પન્ન થઈ બહુ થાઉં આવી ઈચ્છાવાળા બ્રહ્માએ તપ તપી, પૃથ્વી, અંતરીક્ષ ને સ્વર્ગ એમ ત્રણ લોક ઉત્પન્ન કર્યા, પછી બ્રહ્માએ ત્રણેને તપ તપાવી અગ્નિ, વાયુ, રવિ એ ત્રણ જ્યોતિ ઉત્પન્ન કરાવી, જ્યોતિને તપ કરાવી, અનુક્રમે રૂગ, યજુ, અને સામ, એ ત્રણ વેદ ઉપજાવ્યા. .... .... .... .... .... ....

૧૨ શતપથ બ્રાહ્મણ કાંડ ૧૧, અધ્યાય ૫, બ્રાહ્મણ ૩ કં—૧—૨—૩ માં પણ ઉપર પ્રમાણે છે.

૧૩ ગોપથ બ્રાહ્મણ પૂર્વ ભાગ પ્રપાઠક ૧ બ્રાહ્મણ ૬ માં પણ થોડા ફેરફાર સાથે ઉપર પ્રમાણે પાઠ છે.

૧૪ ગોપથ પુ. પ્રપા૦ ૧ બ્રા૦ ૧૬ માં લખે છે કે—બ્રહ્મે પુષ્કરમાં ઉત્પન્ન કરેલ, બ્રહ્મા, વિચારવા લાગ્યો કે હું કયા અક્ષરવડે કરીને સર્વ. કામનાં, લોક, દેવ, યજ્ઞ, શબ્દ, વાદ, સમૃદ્ધિ ભૂત આદિને અનુભવું ( ઉત્પન્ન કરૂ ) ? એમ વિચારી તે બ્રહ્મચર્યને ધારણ કરતો હવો ( પ્રથમ બ્રહ્મા એકાકી હોવા છતાં શું બ્રહ્મચારિ નહિં હોય ? ). બ્રહ્મચર્યના પ્રભાવે ઓંકારને જોતો હવો, તે દ્વિવર્ણી, ચતુષ્માત્રી બ્રહ્મસ્વરૂપ, બ્રહ્મનામરૂપ, બ્રહ્મદૈવત ઓંકારના અવલોકનથી સંપૂર્ણ લોકાદીકનો અનુભવ કરતો હવો. ( આ અક્ષરવાદ સંભવે છે. )

૧૫ શતપથ બ્રા. કાં૦ ૧ અ૦ ૮ બ્રા૦ ૧ કં. ૧ થી ૬ માં **मनवेहवैप्रातः** એ પાઠથી પૃથ્વી મનુથી બની જણાવે છે ( ત. પ્રા૦ ૧૪૭ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૬ શત૦ કાં ૭ અ૦ ૫, બ્રા૦ ૧, કં૦ ૫માં **सयत् कुर्मोनाम** એ પાઠથી કાશ્યપે પૃથ્વી કરી એમ કહે છે.

૧૭ તૈતરિય બ્રાહ્મણુ ૧, અષ્ટક ૧, અધ્યાય ૩ અનુ૦ ૩ માં કહે છે કે સૃષ્ટિની રચના પુર્વે કાંઇ ન હતું માત્ર પાણી હતું, ત્યારે બ્રહ્મા જગત્ રચવા માટે તપ કરતા હતા, તેણે પાણીની મધ્યમાં એક કમળ દેખ્યું. જે દેખતાં જ આ કમળને કાંઈક આધાર હોવો જોઇએ એમ વિચારી, વરાહરૂપ ધારી પદ્મપત્રનાળની પાસે, શોધ કરવા લાગ્યા, ગોતતાં ગોતતાં પ્રજાપતિ ભૂમિને પામ્યા, ત્યાંથી લીલી માટી દાઢમાં લાવી કમળ ઉપર માટી પાથરી, જેથી ( પ્રથીતા ) પૃથ્વીનામ બન્યું ને આધારભૂત છે માટે ( **अभूत** ) ભૂમિ નામ પડયું, તે આર્દ્ર ભૂમિ સુકવવા ચાર દિશા બનાવી, સંકલ્પથી પવન ઉત્પન્ન કર્યો સુકાતી ભૂમિને પાષાણુથી ( આ પત્થર કયાંથી લાવેલા હશે ) ટીપતો હવો. ઈત્યાદિ. .... .... ....

૧૮ તૈત્તરિય સંહિતા કાં. ૭ પ્રપા ૧ અનુ. ૫ માં કહે છે કે **आपोवावाइदमग्रसलिलं आसीत् ॥ तस्मिनप्रजापति वायुर्भूत्वाऽचरत् ॥ सइमामपश्यत् तांवराहोभूत्वाऽहरत्** ॥ ઈતિ ॥ આ પાઠમાં ઉપરના કથનથી થોડી માન્યતા જુદી પડે છે.... .... .... .... .... .... ....

૧૯ ઋ. સં. ૧૦–૧૯૦ કહ્યું છે કે–માર્તંડની મૃતાવસ્થાને લઈને ( અતિ ગરમી કે શીતાદિના આઘાતોથી પૃથ્વીનો પ્રલય થતો હોવાથી ) પ્રલય થશે ને વળી નવો સૃષ્ટિક્રમ ચલાવશે તેથી તે ધાતા કહેવાય છે. ( વિશ્વોત્પત્તિતત્વ )

૨૦ ઋગ્વેદસંહિતા ૧–૧૬૪–૩૪ માં પ્રશ્ન છે કે–ભૂવનની નાભિ કયાં છે ? ( ૨૬ ) તૈતિરિય બ્રાહ્મણ ૨–૮–૯માં પૂછયું છે કે–પૃથ્વી કયા જંગલમાંના કયા ઝાડનું ફળ છે ? ( જુઓ ૨૬ )

૨૧ **ॐ आत्मावाइदमेकएवाग्र आसीत् नान्यत् किंचनमिषत् सइक्षत लोकान्नु सृजाइति सइमाल्लोँकान सृजत.** આદિમાં આ સંસારમાં કેવળ આત્મા હતો. ને તે સિવાય ચળ કે અચળ કાંઇ વ્યાપાર ન હતો. તેણે સૃષ્ટિ–પ્રાણીને કર્મફળ ભોગવવા માટેના સ્થાનરૂપ પાણી વિગેરે, બનાવવાનો વિચાર કર્યો.
અને જુદી જુદી સૃષ્ટિઓ રચી જેમાં પ્રથમ પાણી બનાવ્યું.

**सो अद्भ्य एव पुरुषं समुध्दृत्या मूर्छयत्**

એટલે—તેણે સૃષ્ટિનો રખેવાળ ઉત્પન્ન કરવાની ઇચ્છા થતાં પાણીમાંથી પુરૂષ ઉભો કર્યો અને તેના સામે સંકલ્પ કર્યો.

**तस्याभि तप्तस्य मुखं निरभिद्यत, यथा ॐ ॥ मुखात् वाग् वाचोग्निः ॥ नासिके निरभिद्येतां, नासिकाभ्यां प्राणः प्राणाद्वायुः ॥ अक्षिणी निरभिद्येता–मक्षीभ्यांचक्षुः चक्षुष आदित्यः ॥ कर्णौ निरभिद्येतां, कर्णाभ्यांश्रोत्रं श्रोत्राद्दिशः ॥ त्वङ्०–निरभिद्यत, त्वचो लोमानि लोमभ्य औषधिवनस्पतयः ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**हृदयं निरभिद्यत, हृदयान्मनो मनसश्चंद्रमा ॥ नाभिर्निरभिद्यत, नाभ्यामपानो अपानान्मृत्युः ॥ शिश्नं निरभिद्यत, शिश्नाद्रेतो रेतस आपः ॥**

તેની સામે વિચારીને જોતાં ઇંડાની માફક તેનું મુખ ઉઘડી ગયું, પછી મુખમાંથી ૐ શબ્દ ઉત્પન્ન થયો, અને શબ્દમાંથી અગ્નિ પ્રકટયો, પછી તેનું નાક ખુલ્લી ગયું, અને નાકથી શ્વાસ આવવા જવા લાગ્યો. તે શ્વાસથી આકાશ બન્યું. અને નેત્ર ઉઘડી ગયાં, નેત્રથી પ્રકાશ અને પ્રકાશથી સૂર્ય બન્યો, ત્યારપછી કાન ઉઘડયા, કાનથી શકિત થઇ, અને ચારે ખુણાનો ફેલાવ થવા લાગ્યો. પછી ચામડી વધી, ચામડી પર વાળ જામી ગયા, અને વાળથી ઘાસ પાંદડા વૃક્ષ વિગેરે ઉત્પન્ન થયા. ત્યારપછી છાતી ખુલ્લી ગઇ, છાતીથી બુદ્ધિ અને બુદ્ધિથી ચંદ્ર ઉત્પન્ન થયો પછી નાભિ ઉઘડી, નાભિથી અપાન અને અપાનથી મૃત્યુની ઉત્પત્તિ થઇ. પછી લિંગ ખુલ્લી ગયું જેમાંથી વીર્ય નીકળ્યું જેથી પાણી બન્યું. ( ખંડ–૧ )

તેણે બનાવેલ દેવતાઓ સંસાર મહાર્ણવમાં પડયા. અને તે વિરાટે પોતે રચેલ પુરૂષ દેવ અને પ્રાણીઓમાં ભૂખ તથા તરશને મોકલ્યા. જ્યારે દેવતાઓએ પણ જેથી પોતે અન્ન લઇ શકે એવું પોતાને વસવાટ કરવા શરીર માગ્યું; એટલે (વિરાટ) દેવોને વસવા ગાય લાવ્યો, પણ દેવોએ તે કબુલ ન કરી; ત્યારે ઘોડો લાવ્યો. દેવોએ તેને પણ નિવાસ માટે નાપસંદ કર્યો. ત્યારે પુરૂષ આણ્યો દેવતાઓએ ખુશી થઇ તેનો સ્વીકાર કર્યો. અને વિરાટની આજ્ઞાથી અગ્નિએ વાણી થઇ મુખમાં, વાયુએ પ્રાણ થઇ નાકમાં, આદિત્યે ચક્ષુ થઇ નેત્રમાં, દિશાઓએ શ્રોત્રરૂપે કાનમાં ઔષધિઓએ લોમરૂપે ત્વચામાં, ચંદ્રે મન થઇ હૃદયમાં, મૃત્યુએ અપાન થઇ નાભિમાં, અને પાણીએ વીર્ય રૂપ થઇ શિશ્નમાં પ્રવેશ કર્યો, આથી અશના (ભૂખ) અને પિપાસા પણ દેવોમાં ભાગીદાર બન્યા ( ખંડ–૨ ) પછી વિરાટે લોક અને લોકપાળો માટે અન્ન આદિ બનાવવાનું ઉચિત ધારી પાણી વિગેરેની સામે સંકલ્પ કર્યો કે મનુષ્ય વિગેરે માટે ચોખા અને બિલાડી પ્રમુખ માટે ઉંદર વિગેરે થાઓ. બસ તુરતજ સંકલ્પિત ઉપાદાન રૂપ પાંચ ભૂતમાંથી ચર–અચર અન્ન ઉત્પન્ન થયું. આ મૂષક, વ્રીહી વિગેરે પોતાના ભક્ષકને દેખી નાસવા લાગ્યા, લોક તથા લોકપાળો તેને પરાણે પકડી ક્ષુધાની શાંતિ કરવા તૈયાર થયા, પણ અજ્ઞતાથી તે અન્નને વાણી આદિના વ્યાપારમાં જોડયું. પ્રાણ, ચક્ષુ, કાન, ચામડી મન અને શિશ્ન પાસે અન્ન ધર્યું પણ તે દ્વારા અન્ન લઇ શકયા નહીં. અંતે અન્નને મુખમાં પેસાડ્યું અને અપાનવડે અન્ન ખાવા લાગ્યા. હવે વિરાટે મારા વિના વાણી વિગેરેનો વ્યાપાર કેમ થશે એમ ચિંતવી મસ્તકને વિદારી તેમાં પ્રવેશ કર્યો આ કારણથી તે વિભાગ વિદરતી કહેવાય છે. ( ખંડ–૩ અધ્યાય. ૧ )

પુરૂષ એ પુરૂષનો પ્રથમ જન્મ છે, અને પછી સ્ત્રીરૂપી ખેતરમાં પોતાનું વીર્ય નાખી ગર્ભ રાખે છે. આ ગર્ભથી થયેલ પુત્રમાં પુરૂષનું પોતાપણું છે, તેનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના દેહમાં લાલન પાલન કર્યું હતું અને હવે પુત્રરૂપે લાલન પાલન કરે છે. આ રીતે પુત્રરૂપે પુરૂષ બીજો જન્મ પામે છે. ( આ પિતા પુત્રના એકાત્મત્વની વિવક્ષા છે ) અને પુરૂષ મરીને નવી ગતિમાં ઉત્પન્ન થાય તે પુરૂષનો ત્રીજો જન્મ છે. ( ખંડ--૩ અધ્યાય--૨ ) જગતનાં બીજ, ( બીઆં ), ૧ પક્ષી વિગેરે માટે અંડ, ૨ મનુષ્યાદિ માટે જારૂ, જરાયુ, ૩ જૂં વિગેરે માટે સ્વેદ, અને ૪ વૃક્ષ વિગેરે માટે ઉદ્દ્ભિદ્-એમ ચાર પ્રકારનાં છે, અને ક્રતુ એ પ્રજ્ઞાનનું જ બીજું નામ છે, અહિં ભાષ્યકાર જે ખુલાસો કરે છે તે હવે પછી આવશે. ( ચાલુ )

# મનનો ફરેબ.

લખનાર, ડાહ્યાભાઈ નથુભાઈ દેશાઈ, વીજાપુર, હાલ રતનપુર મહાલકારી

વ્હાલા વીર જીનેશ્વર ( એ રાગ, તુટક કડીથી ગવાશે. )

મનડા કેમ કરે છે દોડા દોડી તાનમાં રે,
એવું શું દીઠું સંસારે કયમ ગુલતાનમાં રે,
શકિત તારી ભાસે પાર વિનાની લોકમાં રે,
જડ તું અભિમાની થઈ મ્હાલે ખાંતે ઝોકમાં રે. ૧

ક્યાંથી વીર્ય આટલું તારામાં આવી રહ્યું રે !
ફરતા ફેર કુંદડી પ્રાણી નવ જાયે કહ્યું રે,
પલકમાં ઇંદ્રસભાના મુખ્ય તરીકે સ્થાપતો રે,
પલકમાં ધક્કા મૂકી નરક યાતના આપતો રે. ૨

પળમાં પ્રેમ કરાવી આનંદે ડોલાવતો રે,
પળમાં રોષ જણાવી કંપવાયુ તું લાવતો રે,
માયા માન લોભને ક્રોધ મિત્ર છે તાહ્યરા રે,
એવા રાગ શોક ઇર્ષ્યાને યુવાની જરા રે. ૩

મમતા વ્હાલી તેં કરી લીધી રહે છે તોરમાં રે,
દુષ્ટ વિકલ્પો ને સંકલ્પો કરતો જોરમાં રે,
વળે જો સદ્વિચારે પાછો જોર કરી ખસે રે,
ભીતરનો શબ્દ નહીં સુણતાં આડો અવળો ધસે રે. ૪

વિચરતાં વિવેકને વૈરાગ્ય પંથે મુંઝાવતો રે,
કીર્તિ, ધન, દારા પરિવાર ઐષણા લાવતો રે,
સમકિત જ્ઞાન ભાવના આદરતાં પાછો પડેરે,
મદદમાં વચન અને કાયાને લેઇને નડે રે. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગી યોગ કરીને પાનું તારૂં ખોળતા રે,
સાધી એક લક્ષથી માપ તાહરૂં તોળતા રે,
ત્યાં પણ પળ પળ પળ પળ નાસે દુષ્ટો સંગમાં રે,
અંતે ઢીલો પડે સદ્‌વૃત્તિ સાથે જગમાં રે. ૬
બંધન કરતાં એવું છુટે નહીં તું કયાં થકી રે,
ચંચળ સ્વભાવ ચુકે નહીં લાગે* ખસતાં નકી રે,
તાબે કરતા અતિ પ્રયાસે ધારી ધ્યાનમાં રે,
વર્તે યોગીશ્વરની મરજી મુજબ સ્થાનમાં રે. ૭
પછી પરમાતમને મેળવવા દ્વાર ઉઘાડતો રે,
પ્રેમ કરી દઇ ઉત્તેજનને સાથે ચાલતો રે,
કરે છે રખેવાળનું કામ દાસ પેરે રહે રે,
જ્ઞાનીને કર્મયોગી તે આત્મ સ્વરૂપે થઇ વહે રે. ૮
ચેતન અનંત શક્તિ જ્ઞાનાનંદે શોભતો રે,
તેની કૃપા થકી જડ મનડા તું પણ ઓપતો રે,
ભુલીને ભાન કરી અભિમાન જંપતો નહિ જરી રે,
સ્વાંગ ધરી ચેતનનો પ્રાણીને રાખે નહિ ઠરી રે. ૯
ઓળખે કોઇક તુંજને ફરેબ તારો પારખે રે,
વશ કરી આત્મજ્ઞાનથી સુખ અનંતુ તે ચખે રે
આઠે કર્મ બળંતાં જ્ઞાન અનંતું ખીલશે રે,
ડાહ્યો બ્રહ્મસ્વરૂપ થઇ સુખ સાગરમાં ઝીલશે રે. ૧૦

# છાપાંઓથી થતા કેટલાક લાભાલાભ.

જો કે છાપાંઓમાં આવતા વર્તમાન સમાચારથી દેશ પરદેશના ધાર્મિક, સામાજીક અને દેશના કાર્યોની ખબર પડે છે તે લાભ ખાસ છે, પણ તેને બદલે એક બીજાની નિંદા, ટીકા, આક્ષેપ અથવા નહીં પ્રકટ કરવા જેવી વાતો પ્રકટ થવાથી ધર્મ, સમાજ અને દેશકાર્યો તરફ લોકોની અશ્રદ્ધા તથા અણગમો ઘણો થાય છે.

આજે ઘણા ખરાઓને એવી ટેવ થઇ છે કે કોઇપણ વિચાર ઉપસ્થિત થયો અથવા કંઇ સાંભળ્યું જાણ્યું તે તરતજ છાપામાં છપાવી દે છે, પણ ઘણી વખતે તેમાં કેટલીક ખોટી હકીકતો છપાઇ જાય છે તથા કેટલાક વિચાર કરીને છપાવવા જેવી હોય, તે પણ ઉતાવળથી વગર વિચાર્યે છપાઇ જાય છે, તેથી પણ ઘણું નુકસાન છે માટે કોઇપણ લેખ છાપામાં મોકલતાં પહેલાં ઓછામાં ઓછો એકાદ દિવસ વિચાર કરવામાં આવે તો તેવું નુકસાન ઘણું બચી જાય.

* લાગ મળતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના સ્વતંત્ર વિચાર સિવાયની અન્ય બાબતો છાપાંમાં મોકલતાં પહેલાં તેની તપાસ કરવા લેખક અને છાપાંવાળા બંનેને ખાસ જરૂર છે કે જેથી ખોટી હકીકતો છપાઈ જાય નહી.

પોતાના સ્વતંત્ર વિચાર પણ કોઈના અંગત તરીકે હોય અથવા પ્રશ્ન પુછવા રૂપના હોય કે મૂળ ધણીને જાતે મળી અથવા લખી પુછવાથી જેનો ખુલાસો થાય તેવા હોય તો તે માટે એકદમ છાપામાં નહીં આપતાં ધણીથી ખુલાસો કરવો, અથવા તેના જાણકાર પાસેથી કરવો અને તેમ છતાં પણ ખુલાસો ન થાય તો જીજ્ઞાસુ ભાવે અને તેવીજ ભાષામાં છાપામાં પૂછવું જોઇએ; પણ ટીકા કે આક્ષેપ રૂપે કલેશ વૃદ્ધિ થાય તેમ અને તેવી ભાષામાં તો છાપવું કે છપાવવું નહીં કોઈપણ માણસે ધર્મ, સમાજ અથવા દેશ વિરૂદ્ધ કંઈ કાર્ય કર્યું જણાય તે છાપામાં પ્રગટ કરી દેવાથી તો તે ઉલટો વધારે બગડે છે, કારણ તે એમ માને છે મારી વાત છાની હતી તે હવે પ્રકટ થવાથી ઘણા જાણી ગયા છે તો હવે શું બાકી રહ્યું ? માટે તેનું હિત ઇચ્છતા હોઇએ તો આપણા અધિકાર મુજબ નમ્ર ભાષા ને મિત્રભાવે તે ધણીને સૂચના આપી દેવાથી સંજોગ હશે તો સુધરશે નહી તો બગડશે તો નહી. જૈનશાસ્ત્ર પણ તેમજ ઉપદેશેછે.

કોઈ વિરોધવાળી બાબત માટે ધણીથી ખુલાસો માગવા છતાં ન થવાથી લોકોની જાણ માટે કદાચ છાપામાં આપવા યોગ્ય જણાય તોપણ એકવખત નમ્ર ભાષા અને મિત્રભાવે આપી દેવો પણ તે પછી તે ધણી તરફથી કંઇ જવાબ મળે તોપણ પછી તેના લાંબા વાદ વિવાદમાં ઉતરવાના કલેશથી દૂર રહેવું સારૂં છે. નહી તો તર્ક કરતાં કુતર્કનો પાર નથી રહેતો. તેથી વિતંડાવાદ થઇ બન્નેને ઝેરવેર વધવા સંભવ છે.

છાપાંવાળાઓએ પણ દરેક બાબત પ્રકટ કરતાં પહેલાં ખાસ કરીને તેમાં સત્ય કેટલું છે તે જાણવા ખપ કરવો જોઇએ; નહીતો એક વખત તેઓ જે બાબત છાપે છે, તેજ બીજી વખત ખોટી છે એમ તેમને છાપવા ફરજ પડે છે. દીલગીરી બતાવવી તેના કરતાં પહેલેથી તપાસ કરવી શું ખોટી ? ત્યારે દરેક ધર્મ તથા સમાજની અંગત ચર્ચાઓ, તેજ ધર્મ તથા સમાજના લોકોને કદાચ થોડીઘણી ઉપયોગી થાય પણ અન્ય ધર્મ અને અન્ય સમાજના માણસોમાં તો તે વંચાવાથી એ ધર્મ અને સમાજની નિંદા હીલણા અને ઓછાશ થવા સિવાય કંઈ લાભ નથી; કારણ કે તે અન્ય ધર્મ તથા સમાજવાળાને બીજા ધર્મ તથા સમાજના રહસ્યની ખબર નહી હોવાથી તેનાં તત્વ તે સમજી શકતા નથી એમ સમજી શકાય તેવું છે, છતાં આજકાલ જૈનોના અંગત આક્ષેપો ટીકાઓ અથવા વાદવિવાદના લેખો જેવા કે દેવદ્રવ્યાદ વિગેરેના જૈનેતર છાપાંઓમાં છાપવાથી જૈન ધર્મની કેટલી હીલણા થઇ છે તે સૌ કોઇ જાણે છે એટલુંજ નહી પણ ઘણાઓને જૈન ધર્મ અને સાધુઓ તરફ અણગમો અને અશ્રદ્ધા થઈ છે, થાય છે, અને થશે. માટે દરેક મુનિ મહારાજાઓ તથા જૈન બંધુઓને જૈન ચર્ચાઓ ફકત જૈન છાપાંઓનેજ મોકલી જૈનેતર છાપાંઓમાં નહી મોકલવા ખાસ કરીને નમ્ર વિનંતિ છે.

લી. પારી. મણીલાલ ખુશાલચંદ, પાલણપુર.

For Private And Personal Use Only

पायं पायं प्रवचन सुधां मीयते या प्रकामं

दोग्ध्री कामाश्च नवरसैः सा मुहुः प्रीणयन्ती

स्वैरं स्वैरं चरति कृतिनां कीर्तिवल्लीवनेषु

माद्दग वत्सान् जयति जगति श्रीगवीदेवसूरिः

श्री रत्नप्रभाचार्य.

# વાદિ શ્રી દેવસૂરિ.

—⊛—

લે૦—મુનિ ન્યાયવિજય મહારાજ.

જૈનસમાજમાં વાદિ **ચક્રચક્રવર્તિ, શ્રીવાદિદેવસૂરિ** બહુ સુપ્રસિદ્ધ છે. જૈન સમાજનો એક પણ એવો પંડિત નહિં હોય કે જે શ્રીવાદિદેવસૂરિથી અપરિચિત હોય ! જૈન સાહિત્યના અભ્યાસીઓમાં એવો કોઈ વીરલો નહિ હોય કે આ વાદિ **ગજકેશરી**ના પ્રખર પાંડિત્યથી અજાણ્યો હોય ? જૈન સમાજના સાક્ષરોમાં અદ્વિતીય સ્થાન ભોગવનાર; તેમની પછી થયેલ ધુરંધર આચાર્યોમાંથી એવા કોઈપણ નાહ હોય કે જેમના ગુણગ્રામ સહસ્ર જીંહાએ ન કર્યા હોય. પ્રખર **નૈયાયિક, મહાન્ તત્વજ્ઞ, શ્રીસર્વઅભિષ્ટતત્વ**--સ્યાદ્વાદ વાણીને રત્નાકરના તરંગોમાં ઉછાળા મારતું કરનાર, તાર્કિક શિરોમણી આદિ બીરૂદોથી સુશોભિત સૂરિપુંગવ **શ્રીદેવસૂરિ**ના જીવનનો પરિચય યોગ્યાયોગ્યનો વિચાર કર્યા સિવાય આપવા ઉદ્યુક્ત થાઉં છું.

**તેમનું જન્મસ્થલ.**

તેઓશ્રીનો જન્મ ગુજરાતમાં આવેલ મડાહુત ( માંડલ ) ગામમાં ૧૧૪૩ માં થયો હતો. તેમના પિતાનું નામ **વીરનાગ** ને માતાનું નામ **જીનદેવી** હતું. તેમનું શુભ નામ **પુર્ણચંદ્ર** હતું. આ નામ રાખવામાંય એક કારણ હતું કે જ્યારે તેઓ શ્રી તેમની માના ગર્ભમાં આવ્યા ત્યારે તેમની માતાએ પૃથ્વીમાં ઉતરવા ઇચ્છતો પૂર્ણચંદ્ર મુખમાં પ્રવેશ કરતો જોયો હતો. આનું ફળ પણ તેમના ગુરૂ મૂનિચંદ્રસૂરિનેજ પૂછવામાં આવ્યું હતું. તેમણે ફલનો ઉત્તર આપતાં જણાવેલું કે બહેન, તારા ગર્ભમાં કોઈ મહાપુરૂષ અવતર્યો છે ને તે

શ્રીધર્મસાગર ઉપાધ્યાય ૧૧૩૪ ની સાલમાં તેમનો જન્મ લખેછે; જુઓ તપગચ્છ પટ્ટાવલી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગત્ આખાને આનંદ શાંતિ પમાડશે. અહીં મારૂં કહેવું એટલું જ છે કે મહાપુરૂષોના નામમાં પણ જરૂર ગૂઢ સંકેતો રહેલા હોય છે. તેઓશ્રી જન્મથી કુદરતીજ વૈરાગી હતા. તેમણે જ્યારે બીજા બાળકો હજી પોતીયું પહેરતાં શીખતા હોય, નિશાળે જતાં કંટાળતા હોય ત્યારે આ સંસાર છોડી મહાન સાધુપદ ગ્રહણ કર્યું હતું. તેમણે નવ વર્ષની નાની ઉમ્મરે શ્રી મુનિચંદ્રસૂરિપાસે સાધુ--દીક્ષા ગ્રહણ કરી હતી. ૧૧૫૨ માં સાધુ થયા હતા. દીક્ષા સમયે તેમનું નામ **રામચંદ્ર** રાખવામાં આવ્યું હતું. થોડા વખતમાં પોતાની તીક્ષ્ણ બુદ્ધિના પ્રતાપે **જૈન દર્શનમાં પારંગત થયા.** તેમણે જૈનદર્શન ઉપરાંત અનેક દર્શનોનો અભ્યાસ કરી તેમાં કુશળતા મેળવી. તેઓશ્રીમાં વાદ કરવાની અદ્ભુત શકિત હતી. હવે તેમને જૈનધર્મની પૂર્વની જાંહોજલાલી, તેનું પૂર્વનું ગૌરવ ઇત્યાદિના સુંદર સુદ્દઢ સ્વપ્નાં આવવા લાગ્યાં. તેમાં પ્રથમ પરમાત્મા **શ્રીમહાવીરદેવની** સુંદર મૂર્તિને પૂજી, તેમની ધીરતા, વીરતા, ને શાંતતાની જીવંત મૂર્તિને ભાવથી નમસ્કાર કરી શ્રી **ગૌતમસ્વામીની** ભવ્ય શાંત મુખમુદ્રાનાં દર્શન કર્યાં. તેમની પૂર્વાવસ્થાનાં સ્મરણો આવ્યાં. અહા! શું એમની અદ્ભુત પ્રતિભા! શું એમનું ગૌરવ! શું વાદની અજેય શકિત! અહા પરશુરામની અતુલ શક્તિ ગર્વ રાખનાર ને ભારતના પંડિતને નમાવનાર, **સર્વજ્ઞ શ્રીમહાવીરદેવને** નમાવવા આવ્યા હતા પરંતુ નમાવતા પણ પોતે નમી ગયા. અહા શું એમનો અદભુત ત્યાગ! **અવન્તિ સુકોમલ જેવા** કુલને--બાલકને મારા જેવી દિક્ષા આપી મોક્ષગામી બનાવ્યો, એક ક્ષણમા **પંદરસો તપસ્વીઓને** પ્રતિબોધી કેવલી બનાવ્યા, અને શ્રીમહાવીરદેવ નિર્વાણ પામ્યા ત્યારે **ભકિતથી, મોહથી બાલકની** જેમ રડયા ને અન્તે હૃદયનો પલટો કરી **કેવળજ્ઞાન પામ્યા.** શ્રી રામચંદ્ર મુનિએ તેમને ખુબ યાદ કરી કહ્યું હે પ્રભો! આપની અદભુત શકિતનું એકાદું કિરણ મને આપજો. પછી શ્રી **સુધર્માસ્વામીની** શાંત મૂર્તિ યાદ આવી ત્યાંતો અન્તિમ કેવલી શ્રી **જંબુસ્વામીની** અદભુત મૂર્તિ ખડી થઇ. અહા ? શું એમનો ત્યાગ, વૈરાગ્ય, આઠ આઠ નવોઢા સ્ત્રીઓના મોહાસ્રમાં ન મુંઝાયા, ક્રોડો સોના મોહોરોનાં દાન આપી હાથના મેલની માફક લક્ષ્મીની મોહિનીને લાત મારી છેવટે કોટવાલ બની પાંચસો ચોરો સહિત પ્રભવાજીને પ્રતિબોધી બધાની સાથે દીક્ષા લીધી, એ અન્તિમ કેવલીને મુનિ રામચંદ્રે વિનંતિ કરી હે! પ્રભો! મને **આપનાં ત્યાગ–વૈરાગ્યનાં અમૃત બિંદુઓનું પાન કરાવજો.** ત્યાં તો મહા પ્રભાવિક શ્રી ભદ્રબાહુસ્વામી આવ્યા. તેમને જોતાંજ તેમની જૈનશાસનની સેવા, જૈનસાહિત્યની ભગીરથ સેવા યાદ આવી. અહોહો ? શું કામ કર્યું છે ને ચૌદ ચૌદ પૂર્વનું જ્ઞાન ધરાવનારને ન મળે લગારે અભિમાન કે ગર્વ શું! અજબ શાન્તિ. હે! પ્રભો! મને આપની શાસન સેવા ને સાહિત્ય સેવાનાં અમૃત ઝરણાંમાંથી એકાદું ઝરણું રેડજો. ત્યાં જાણે આકાશમાં વીજળી ઝબકે તેમ ત્યાગની જીવંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂર્તિ શ્રી **સ્થુલીભદ્રજી** અને આજીવન સાધુ **શ્રી વજ્રસ્વામીની** રમ્ય મૂર્તિનાં દર્શન થયાં. કોશા વેશ્યાને ત્યાં ચાતુર્માસ રહ્યા છતાં તે સાધુ પુંગવ નિરાબાધ રીતે બહાર નીકળ્યા ને જગતને કામદેવનો પરાભવ દેખાડયો–તેનાં મોહાસ્ત્રો નિષ્ફળ કર્યાં અને એ **વજ્રસ્વામી** તો જાણે જન્મથી સાધુ હોય તેમ ભર સભામંજ બાલકોના રમકડાંના ઉપયોગને બદલે પોતે એ ઘો ને મુહપત્તિજ ગ્રહણ કર્યાં. અહા ! શું એમનો **જીવનભરનો સંયમ, યોગ,** ને **ત્યાગ** ! જગત જોઇ જોઇને થાકે તોય ધરાય નહિ. બાલ રામચંદ્રે પણ તેમને ખુબ ભકિતભાવથી નમી પ્રાર્થના કરી હે ! સૂરિ પુંગવો હે **ચારિત્રચુડામણિઓ** આપના એ ઉચ્ચ ચારિત્રોનાં પ્રખર તેજસ્વી કિરણો મારા ઉપર ફેંકજો. હજી આ બે મહાત્માના જીવનનાં સુવર્ણરેખાઓ તપાસી રહ્યા છે ત્યાં તો એક પ્રભાવિક મહા પુરૂષ તેમના સ્મરણપટમાં આવ્યા; અહા ! શું એમનું અદ્‌ભુત બ્રહ્મ તેજ, એમનો પરશુરામનો અનુરૂપ ગર્વ, પ્રખર પાંડિત્યનું અભિમાન, એમ એક પછી એક પૂર્વવસ્થાનાં સ્મરણો યાદ આવ્યાં. ત્યાંતો શ્રી વૃદ્ધવાદિ સૂરિ જેવા પ્રખર આચાર્યના શિષ્ય તરીકે તેમનાં દર્શન થયાં; એમનું શુભ અભિધાન શ્રી સિદ્ધસેન દિવાકર ( પૂર્વાવસ્થાનું નામ કુમુદચંદ્ર ) હતું. જૈન દર્શનરૂપી **અજેય નગરના રક્ષણાર્થે ન્યાયનો અજેય સબલ કિલ્લો રચનાર** પ્રખરતાર્કિક શિરોમણીની પ્રબલ પ્રતિભા તેમની નજર આગળ ખડી થઇ. તેમણે એ વાદિ સિંહને નમન કરી પ્રાર્થના કરતાં કહ્યું, મને આપની એ પ્રતિભાના સબલ અંશો પહોંચાડજો. શ્રી સિદ્ધસેન દિવાકરની છેલ્લી ઓજસ્વની છાયામાં હજી તેઓ એકી ટસે કંઇક કંઇક જોઇ રહ્યા હતા, ત્યાં તો ૧૪૪૪ ગ્રંથના પ્રણેતા તટસ્થતાની જીવંત મૂર્તિ મહર્ષિ શ્રી**હરિભદ્રસૂરિ** તેમના સ્મરણપટમાં આવ્યા. આજીવન જૈન સાહિત્યની અદભુત સેવા કરનાર આ તટસ્થ મહા પુરૂષની તટસ્થતા, ધૈર્યતા, શાસન સેવાની ધગશ, પ્રખર પાંડિત્ય આદિ અજબ ગુણોના ખજાનારૂપ એ મહર્ષિ પાસે પ્રાર્થના કરી કે મને એ આપના અદ્‌ભુત ખજાનામાંથી કિંમતિ અણમોલાં રત્નોનો લાભ આપજો ત્યાં તો શ્રી નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિની જીવંત મૂર્તિ ખડી થઇ. હજી જાણે ગઇ કાલેજ એ અભયદેવસૂરિ રૂપી સૂર્ય કાલરાહુએ ગ્રસ્ત કર્યો હોય તેમ તેના તેજની આછી રૂપ–ગુણુ રાશિ સંભળાતી હતી. એમની ટીકાઓ તો ઘણીયે વાર પોતે વાંચી હતી. રમકડાંની જેમ રમાડી હતી. તેમની ટીકાનું ગાંભીર્ય, સરલતા, સચોટતા, ટીકાના સબલ અંશો પોતામાં ઉતરે તેને માટે તેમણે પ્રયાસ આદર્યો હતો. આવા એકાનેક સૂરિપુંગવોનાં સુંદર સ્મરણો યાદ કરીને બધામાં પોતાનું સ્થાન શોભાવવા તે બાલક આચાર્ય બન્યો. આચાર્ય થયા પહેલાં તેમણે કઇક ગુણચંદ્રોના મદો ઉતાર્યા હતા. કાશ્મીરસાગર શિવભૂતિ ને ગંગાધર જેવા વાદિઓને જીતી વાદીશ્વરવાદી ગજકેસરી, આદિ બીરૂદો મળ્યાં હતાં–મેળવ્યાં હતાં. તેમના નામથી પંડિતો ધ્રૂજતા ને સામા મળ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય તો અવનત મુખે નમી પાંડિત્યનો ગર્વ છોડી દેતા, ને એમ કરનારને આ વાદિ ગજકેસરી પોતાના પ્રખર પાંડિત્યના પ્રભાવથી નમાવતા. પુષ્કરણીમાં પ્રભાકર, ભૃગુક્ષેત્રમાં કૃષ્ણદેવ જેવા પ્રખર અભિમાની પંડિતોને વાદમાં જીતી પોતાના જૈનત્વની પ્રબલ છાપ પાડી તેમને નમાવ્યા હતા. આવી રીતે બાલપણમાં દીક્ષા લીધા પછી પોતાની તીક્ષ્ણ બુદ્ધિના પ્રતાપથી શાસ્ત્રપારંગત બની અનેક વાદસભાઓમાં વાદીઓને પરાભવનાં ઝંઝર પહેરાવી, મહાન આચાર્ય પદવીની યોગ્યતા પ્રાપ્ત કરી. તેમના પૂજ્ય ગુરૂશ્રીએ પોતાના એ યોગ્ય સુશિષ્યને ૧૧૭૪ માં આચાર્યપદ અર્પણ કર્યું. ( જાણે ક્ષીરમાં સાકર ભળી હોય નહિં તેમ ) તે વખતે તેમનું નામ **શ્રીવાદી દેવસૂરિ** રાખવામાં આવ્યું.

સૂરિપદ પામ્યા પછી અનેક ભવ્યાત્માઓને પ્રતિબોધી અનેક સભાઓમાં વિજયપતાકા મેળવી જૈન શાશનને દીપતું બનાવ્યું. આ વખતે તેમનો પ્રતાપ સૂર્યનો મધ્યાન્હ હતો. તેમના આ પ્રખર પ્રતાપથી બ્હીને કુમુદચંદ્ર નામના દિગમ્બરાચાર્ય મીનલદેવીના[1] મદદથી શ્વેતાંમ્બરોને પરાભવ પમાડી શ્વેતાંમ્બર પક્ષની કીર્તિને કલંકિત કરવા ઉધુક્ત થયો, પરંતુ તેને ખબર ન્હોતી કે જ્યાં સુધી વાદિ મતંગજ શાર્દૂલ શ્રીદેવસૂરિરૂપી સૂર્ય તપે છે; સોમચંદ્રમુનિ[2] જેવા ઉગતા ચંદ્રો દીપે છે ત્યાં મારી કઇ ગતિ થવાની હતી ? સિદ્ધરાજ જયસિંહના આમંત્રણથી શ્રીવાદીદેવસૂરિ વાંદરણાંગણમાં પધાર્યા. રાજાને શ્રીદેવસૂરિ ઉપર બહુ માન હતું. તેની એવીજ ધારણા હતી કે આ પ્રભાવિક પુરૂષ જીતશે. બન્ને વચ્ચે પ્રતિજ્ઞા થઇ કે જો દિગમ્બરો હારે તો તેમને ચોરની જેમ કહાડી મુકવા ને શ્વેતાંબરો હારે તો બધાને દિગમ્બર બનાવવા. જો કે આમાં ચોખ્ખો પક્ષપાત હતો, છતાં શ્રીદેવસૂરિને ખાત્રીજ હતી કે હું જીતીશ. અન્તે ૧૧૮૧ માં વૈશાખ શુદિ પૂર્ણિમાએ વાદસભામાં વાદ શરૂ થાય છે. તેમના ભકતો જણાવે છે કે યદિ આપ કહો તો સભ્યોને લાંચ આપી ફોડીએ. દેવસૂરિ ચોખ્ખી ના પાડે છે ને જણાવે છે કે મારા, ગુરૂ શ્રીમુનિચંદ્રસૂરિએ મને સ્વપ્નમાં જણાવ્યું છે કે "શ્રીવાદિવેતા શ્રી શાન્તિસૂરિની ટીકાવાળા ઉત્તરાધ્યયન સૂત્રમાં પ્રરૂપિત સ્ત્રી મુક્તિ—નિર્વાણ પક્ષ ઉપાડી તેને સિદ્ધ કરજો ને તેથી જરૂર તમારો જય થશે." એટલે તમારે કશું કરવાની જરૂર નથી. શ્રીદેવસૂરિનું પ્રથમ મંગલાચરણ—આશિર્વાદાત્મક શ્લોક એવો અક્ષોભ્ય નિર્દોષ છે કે સભા આ સાંભળી ખુશ થઇ જાય છે ને કુમુદચંદ્ર પ્રથમજ ક્ષોભ પામે છે. અન્તે પોતે સચોટ નિર્દોષ અનુમાન કરે છે. કુમુદચંદ તેને દોષિત બનાવવા પ્રયત્ન કરે છે પણ તેના હેતુમા દોષાપત્તિ મુકી દેવસૂરિ પોતાની સબલ યુક્તિઓ અને દષ્ટાંતોથી તેનો પરાજય કરે છે. રાજા ખુશી થાય છે ને તેમને જયપત્ર લખી આપે છે. ચોરાસી સભાઓમાં વાદ કરી જયપતાકા મેળવનાર લબ્ધ પ્રતિષ્ઠિત કુમુદચંદ્ર

---

૧ ગુજરાતના રાજા સિરદ્ધાજ જયસિંહની માતા. ૨ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિશ્વર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમ શ્રીદેવસૂરિ પાસે હારે છે. શ્રીદેવસૂરિની વીરહાક ફકત ગુજરાતમાંજ ફેલાયેલ છે એમ નહિં કિન્તુ મહારાષ્ટ્ર, બંગાલ, કાશી, ને કાશ્મીરના પંડિતોને પણ તેમના વિજય નાદના રણકાર સંભળાય છે. શ્રીદેવસૂરિ બહુ ઉદાર દીલના છે તેમણે જીત્યા પછી રાજાને કહ્યું કે, આપણા વાદવિવાદમાં થયેલ પ્રતિજ્ઞા પ્રમાણે આમને–દિગમ્બરીને તિરસ્કારથી કહાડી ન મુકવા. અહા! શું એમની ઉદારતા! યદિ કુમુદચંદ્ર જીત્યો હોત તો આવી ઉદારતા દાખવત કે કેમ? ત્યારપછી તો સિદ્ધરાજ તેમને ખુબ મહોત્સવપૂર્વક નગર પ્રવેશ કરાવે છે. ત્યાં ગયા પછી પણ તેમને કુમુદચંદ્રે ઉપદ્રવ કર્યો છે પણ શ્રીદેવસૂરિએ તેનું નિવારણ કર્યું છે. દિગમ્બરોને અન્તે ગુજરાત છોડવું પડયું. યદિ શ્રી વાદિ દેવસૂરિરૂપી તેજસ્વી સૂર્ય શ્વેતામ્બરોના પક્ષમાં ન હોત તો અત્યારે ગુજરાતમાં શ્વેતામ્બર પક્ષ હોત કે કેમ એ એક શંકા છે. તેની પુષ્ટિને માટે નિચેનો શ્લોક બસ છે.

यदि नाम कुमुचन्द्रं नाजेष्यद् देवसूरिरहिमरुचिः
कटिपरिधानमधास्यत् कथं श्वेताम्बरो जगति

પ્રભાવક ચરિત્ર પૃ. ૨૯૩.

ભાવાર્થ—શ્રીદેવસૂરિરૂપી સૂર્ય યદિ કુમુદચંદ્રને ન જીતે તો જગતમાં શ્વેતામ્બરો વસ્ત્ર ક્યાંથી ધારણ કરી શકતે? અર્થાત શ્વેતામ્બરો દિગમ્બરોજ બની ગયા હોત. આવી રીતે અનેક સૂરિ પુંગવોએ મુક્તકંઠે તેમના યશોગાન ગાયાં છે, વાદિ શ્રીદેવસૂરિ વિરચિત પ્રમાણનયતત્ત્વલોકાલંકારની ટીકા—લઘુ ટીકા કરતાં તેમના વિદ્વદ્ રત્ન પ્રભાચાર્ય તેમને માટે નીચે પ્રમાણે ઉલ્લેખ આપે છે.

यैरत्र स्वप्रभया दिगम्बरस्यार्पिता पराभूतिः
प्रत्यक्षं विबुधानां जयन्तु ते देवसूरयो नव्या ॥ २ ॥

રત્નાકર અવતારિકા. પૃ. ૧.

ભાવાર્થ—જેમણે પોતાની અદ્દભૂત પ્રભાવડે કરીને પંડિતો—દેવોની સમક્ષ દિગમ્બરોને પરાભવ—અતુલ સમૃદ્ધિ અર્પિ હતી તે દેવસૂરિ નવીન સૂર્ય જય પામો. ત્યારબાદ અન્તિમ પ્રશસ્તિમાં નીચે પ્રમાણે ઉલ્લેખ કરે છે.

" आशावासः समयसमिधां संचयैश्रीयमाने स्त्रीनिर्वाणोचितशुचिवचश्चातुरीचित्रभानौ ।
प्राजापत्यं प्रथयति तथा सिद्धराजे जयश्री यस्योद्वाहं व्यधित स सदानन्दतात् देवसूरिः ॥

પૃ. ૧૮૯ શ્લો. ૩.

---

૧ વાદ થયા પહેલાં કુમુદચંદ્રે એક સાધ્વીને હેરાન કરી ખુબ તકલીફ આપી હતી. શ્રીદેવસુરિએ તે વખતે પણ તેમને ઉદારતાથી માફી આપી હતી.

૧ સિદ્ધરાજ જયસિંહે તેમને હાર્યા બદલ લલાટે કાળી શાહીથી " દિગમ્બર " શબ્દો લખાવ્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે ક્યાંક લગ્ન થાય છે ત્યારે હોમ થાય છે, તેમાં લાકડાં પણ હોય ને પ્રાજાપતિ–પુરોહિત પણ હોય, તેમ અહીં દિગંબરોના સમયરૂપી લાકડાવડે પુષ્ટ થયેલો ને સ્ત્રીઓને મુક્તિ છે એવાં યુક્તિરૂપી અગ્નિ બળતે છતે તે સિદ્ધરાજ જયસિંહ પુરોહિત હતો ત્યારે જયલક્ષ્મી ( સ્ત્રી ) એ જેમની સાથે લગ્ન કર્યું હતું, તે શ્રીદેવસૂરિ ચિરકાળ જય પામો. સિદ્ધરાજ જયસિંહની સમક્ષ દિગંબરોને હરાવી સ્ત્રીઓને મુક્તિ છે એમ સિદ્ધ કરી જય પામ્યા હતા તે શ્રી દેવસૂરિ જય પામો.

આવી રીતે ઉપદેશમાલા ટીકામાં પણ બહુ માનભર્યો ઉલ્લેખ શ્રીદેવસૂરિ સંબંધે લખે છે. ( ચાલુ )

# સદાચાર અથવા સત્ક્રિયા.

( ગતાંક પૃષ્ઠ ૨૬ થી શરૂ )

વિઠ્ઠલદાસ મૂ. શાહ.

આપણે ઉપર કહી ગયા કે સ્વભાવતઃ મનુષ્યની પ્રકૃતિ શુભ અને સાત્વિક હોય છે અને કુમાર્ગે જોડાવા માટે તેને પોતાની પ્રવૃત્તિ અને અંતઃકરણ ઉપર બલપ્રયોગ કરવો પડે છે. સદાચારનો કર્તવ્યની સાથે અને કર્તવ્યનો મનોદેવતાની સાથે જે અનિવાર્ય સંબંધ રહેલો છે તે પણ ઉપરોક્ત કથનનું દૃઢ પ્રમાણ છે. વાસ્તવિક રીતે તો આ જગત્ શુભ અને પુણ્યકર્મોને માટે જ છે, અશુભ અને પાપ કર્મોને માટે તેની જરૂર પણ નથી. જે ઉદ્દેશ્ય મનુષ્ય જીવનનો રાખવામાં આવ્યો છે, તેની પૂર્તિનાં સઘળાં સાધનો પણ તેની સાથે જ મનુષ્યને આપવામાં આવે છે, તો પછી શામાટે આપણે તે સાધનો અને શકિતઓનો દુરૂપયોગ કરીને, આપણાં કર્તવ્યોનો પરિત્યાગ કરીને, કુમાર્ગમાં પ્રવૃત્તિ કરીને, અને મનોદેવતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને દુરાચારી અને પાપી થઇએ અને સંસારમાં દુઃખોની વૃદ્ધિ કર્યા કરવી જોઇએ ? આ એક એવો પ્રશ્ન છે કે જેના ઉપર વિચાર કરવાનો મનુષ્ય માત્રનો ધર્મ છે.

મનોદેવતાની આજ્ઞા માનવામાં અને કર્તવ્યોનું પાલન કરવામાં મોટી બહાદુરીની જરૂર નથી અત્યંત સાધારણ સાહસથી આપણું સઘળું કાર્ય ચાલી શકે છે. આપણે એકાદ વખત આપણા કોઇપણ કર્તવ્યનું પાલન કરીએ છીએ તો તેનાથી આપણને અંતઃકરણમાં ઘણોજ સંતોષ થાય છે અને આપણામાં એક નવા પ્રકારનાં બલનો સંચાર થાય છે એજ સંતોષ અને એજ બળ આપણને બીજા કર્તવ્યનાં પાલન માટે પ્રેરિત અને ઉત્સાહિત કરશે, અને એ ક્રમ બરાબર વધ્યે જશે. અને પછી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તત્કાળ એવો સમય આવશે કે જ્યારે આપણે ન્યાય અને સત્યના એટલા બધા પક્ષપાતી બની જશું કે મનોદેવતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનું આપણે માટે લગભગ અશક્ય થઇ પડશે. તે વખતે સંસારની કોઇપણ શકિત આપણને સન્માર્ગથી ચલિત કરી શકશે નહિ. બીજી બાજુએ જો આપણે કદિ વિવેકવિરૂદ્ધ કોઇ કાર્ય કરી બેસીએ અને તેની મનાઇ છતાં આપણે ન માનીએ તો ધીમે ધીમે આપણો વિવેક કુંઠિત થવા લાગે છે અને એક એવો સમય આવશે કે આપણે ખરાબમાં ખરાબ કાર્યોને પણ સારાં સમજવા લાગશું. પુણ્યાત્મા અથવા પાપાત્મા, મહાત્મા અથવા નીચ, બુદ્ધિમાન અથવા મૂર્ખ, શાહુકાર અથવા ચોર, પ્રતિષ્ઠિત અથવા અપ્રતિષ્ઠિત, સજ્જન અથવા દુર્જન બનાવવા એ બેજ માર્ગ છે. અને એ બે માર્ગોમાંથી કોઇએક માર્ગનું અવલંબન કરવાનું કામ પ્રત્યેક મનુષ્યના અધિકારમાંજ છે.

આ પ્રસંગે પહેલાં એક વાતનો જરા વિચાર કરી લેવાની આવશ્યકતા છે, સંસ્કૃતમાં કહેવત છે કે “ **भिन्न रुचि र्हि लोकः** ” અર્થાત્ મનુષ્યોની રૂચિ એક એક બીજાથી ભિન્ન હોય છે. સંસારમાં સર્વત્ર વિલક્ષણતાઓ અને વિભિન્નતાઓ દૃષ્ટિગોચર થાય છે. સંસારમાં જે જે પ્રાણીઓ અને પદાર્થો છે તે સર્વના આકાર પ્રકાર વિગેરેમાં એક બીજાથી ઘણોજ ભેદ હોય છે. જેવી રીતે એક મનુષ્યની આકૃતિ બીજા મનુષ્યની આકૃતિથી ભિન્ન હોય છે તે રીતે તેઓની રૂચિ પણ ભિન્ન હોય છે. રૂચિની વિભિન્નતા સ્વાભાવિક છે. એવી સ્થિતિમાં એમ કહેવામાં આવે છે કે આપણી રૂચિ અને વાસનાઓ વિગેરે ઉપર આપણો અધિકાર નથી; પરંતુ એ વાત કેટલેક અંશે ઠીક નથી. રૂચિની વિભિન્નતા સ્વાભાવિક હોવા છતાં પણ તેના બીજાં અનેક કારણો છે. પરિસ્થિતિ, અભ્યાસ અને સંસ્કારનો પણ તેના ઉપર કેટલોક પ્રભાવ પડે છે. સંસારમાં એવાં અનેક ઉદાહરણ મળી આવશે કે જેમાં દેશાટન, સત્સંગ વિગેરેને લઇને લોકોની રૂચિ અને સ્વભાવમાં વિલક્ષણ પરિવર્તન થઇ ગયું હોય છે. પરિસ્થિતિ, અભ્યાસ અને સંસ્કારનો પ્રભાવ મનુષ્યના સ્વભાવ તેમજ આચરણ ઉપર બહુજ પડે છે. જે પરિવારમાં સઘળા લોકો દારૂડીયા અથવા જુગારી હોય છે તેની અંદર જન્મ લેનાર બાળકો પણ ઘણે ભાગે એવાજ બને છે, વેશ્યાઓના ઘરમાં ઉછરેલી બાળકીઓ મોટી ઉમરે પણ વેશ્યાવૃત્તિ સિવાય બીજું કાંઇ કરી શકશે નહિ, રાજનીતિજ્ઞોની મંડળીમાં બાલ્યાવસ્થાથીજ રહેનાર બાળકો મોટી ઉમરે પણ ઘણે ભાગે રાજનીતિજ્ઞ બને છે અને સંતસમાજમાં રહી ઉપદેશ પામનાર એક મહાત્મા તુલ્ય બની જાય છે એ સર્વ ઘણે ભાગે સંસ્કાર અને સંગતિ વિગેરેને લઇનેજ થાય છે. એટલા માટે સદાચારનું બીજારોપણ બાલ્યાવસ્થામાં જ થવું જોઇએ. ઉમર લાયક લોકો પણ જો ધારે તો પોતાની પ્રવૃત્તિ અને રૂચિ સ્હેલાઇથી બદલી શકે છે. પરંતુ તેને માટે દૃઢ આત્મબલની આવશ્યકતા રહે છે. આપણામાં જે જે શકિતઓ છે તેમાં સૌથી બળવાન ઇચ્છાશકિત અથવા મનો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બળ છે. જો આપણે એ શકિતથી કોઇ રીતે પુરેપુરૂં કાર્ય લઇ શકીયે, તેનો યથેષ્ટ ઉપયોગ કરી શકીયે તો કુસંગતિ અને કુસંસ્કાર વિગેરેના દુષ્પરિણામોથી ઘણે અંશે બચી શકીએ છીએ. જેવી રીતે આપણાં શરીરના સઘળાં અંગોમાં આપણો વિવેક અથવા મનોદેવતા પ્રધાન છે તેવી રીતે આપણી સઘળી શકિતઓમાં ઇચ્છા શકિત અથવા મનોબળ પ્રબલ અને પ્રધાન છે. કેવળ મનોબળની સહાયતાથી માણસ ધારે તેવો બની શકે છે. જે મનુષ્ય પોતાના મનોદેવતાની આજ્ઞાનું પાલન કરે છે અને તેના પાલનમાં કવચિત્ અસમર્થ થતાં પોતાના મનોબળની સહાયતા લે છે, તે સંસારમાં મોટાં મોટાં અને સારાં કાર્યો કરી શકે છે.

કોઇ પણ મનુષ્યની વાસ્તવિક યોગ્યતાનો સાચો ખ્યાલ તેના મોટા મોટા ગ્રંથો, ભાષણો અથવા ઉંચી પદવી ઉપર રહીને કરેલાં મહાન કાર્યો ઉપરથી કદિ પણ નથી આવી શકતો. જો તેની વાસ્તવિક યોગ્યતાનું માપ કાઢવું હોય તો આપણે એ જોવું જોઇએ કે તે પોતાના મનોદેવતાની આજ્ઞાનું કેટલું પાલન કરે છે, તેનામાં સહિષ્ણુતા કેટલી છે, તેના સબંધીયો અને મિત્રો વિગેરેની સાથે તેનો વ્યવહાર કેવો છે અને તે પોતાના હમેશનાં સાધારણ કાર્યો કેવી રીતે કરે છે. કેટલીક વખત મહા સમર્થ વિદ્વાનો નૈતિક દ્રષ્ટિએ કશા કામના નથી હોતા. ઘણી વખત મહાન વકતાઓ, લેખકો, વકીલ બેરીસ્ટરો વ્યભિચારી, અસત્યભાષી, ખુશામતીયા અથવા દગાબાજ જોવામાં આવે છે, અને સારા સારા પંડિતો પણ પોતાના તુચ્છ સ્વાર્થ ખાતર ન્યાયનો ખરાબ રીતે ત્યાગ કરતા જોવામાં આવે છે. ઈંગ્લાંડનો પ્રસિદ્ધ વિદ્વાન્ લૉર્ડ બેકન અર્વાચીન તત્વજ્ઞાનનો પિતા કહેવાય છે. તેણે નીતિજ્ઞાન સંબંધી ઘણાજ સારા નિબંધો લખ્યા છે. પરંતુ અનેક પ્રસંગે તેમણે અત્યંત લજ્જાસ્પદ અને નીચ કાર્યો કરેલાં છે, તે એટલે સુધી કે ન્યાયાધીશની મહાન પવિત્ર અવસ્થામાં પણ તેઓ લાંચ લેતાં અચકાયા નથી. ઉર્દુ ફારસી અને અરબી ભાષાના પ્રસિદ્ધ વિદ્વાન તથા કવિ મીરજાં ગાંલિબનો મુખ્ય સિદ્ધાંત હતો કે "**ऋणं कृत्वा सुरां पिबेत्**" કાશીનો એક પંડિત સંસ્કૃત ભાષામાં એક દિગ્ગજ વિદ્વાન અને મહાન કવિ હતો. પરંતુ તેને માટે એમ સંભળાય છે કે તે મદ્ય પીધા વગર અથવા ગાળો દીધા વગર કોઇ વાતજ કરતો નહિ. આપણા શહેરમાં અથવા આસપાસ જરા ધ્યાનપૂર્વક જોશું તો આપણને ઘણાયે એવા લોકો મળશે કે જેઓ વાસ્તવિક રીતે દુરાચારી અથવા દુષ્ટ હશે, અને તે દુરાચાર અથવા દુષ્ટતા છુપાવવા માટે જેઓએ સભ્યતા, સુજનતા, ધર્મ, દેશસેવા, લોકોપકાર વિગેરેરૂપી આચ્છાદન રચી રાખ્યું હશે. એક વખત એક વ્યકિતએ સર વોલ્ટર સ્કોટને લખ્યું કે "સંસારમાં સૌથી વધારે આદર વિદ્યાને જ મળે છે." ત્યારે સ્કૉટને તેનો જવાબ લખવો પડયો હતો કે "પ્રભુ એમ ન કરે ને એમ હોય; નહિતો સંસારની દુર્દશા થશે. મેં ઘણા ઘણા ગ્રંથો વાંચ્યા છે અને હું ઘણા વિદ્વાનોના સમાગમમાં આવ્યો છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે ઉપરથી હું દૃઢતાપૂર્વક કહી શકું છું કે મેં દરિદ્રો અને અશિક્ષિતોમાં ઉદારતા, વિચારોની ગંભીરતા, સત્ય અને ન્યાય પ્રત્યે નિષ્ટા અને સદાચારિતા વિગેરે ઘણી વસ્તુઓ જોઇ છે જે સારા સારા સમર્થ વિદ્વાનો અને પંડિતોમાં જોવામાં નથી આવતી. " જોવામાં ક્યાંથી આવે ? લોકો પોતાનાં દૂષિત અંતઃકરણનું વાસ્તવિક સ્વરૂપ છૂપાવવા માટે તેની ઉપર વિદ્યા, બુદ્ધિ, ધન વિગેરેનું આચ્છાદન ચઢાવે છે, પરંતુ તે આચ્છાદન લાંબો વખત ટકી શકતું નથી. વ્હેલું મોડું કલુષિત અંતઃકરણ પ્રકટ થયા વગર રહેતું નથી.

જેવી રીતે વિદ્યા અને બુદ્ધિ વિગેરેનો સદાચારની સાથે કોઇ જાતનો આવશ્યક અને અનિવાર્ય સંબંધ નથી, તેવી જ રીતે ધન–સંપત્તિનો પણ સદાચારની સાથે કશો સંબંધ નથી. જે લોકો એમ સમજે છે કે સદાચારી બનવા માટે ધનવાન હોવાની આવશ્યકતા છે તેઓ મોટી ભૂલ કરે છે. અંગ્રેજીમાં એક એવા અર્થની કહેવત છે કે ' ખાલી થેલી સીધી ઉભી નથી રહી શકતી. ' અર્થાત્ જે મનુષ્યની પાસે ધન નથી હોતું તે કદી પણ પ્રામાણિક અને સત્યનિષ્ટ નથી રહી શકતો ઘડીભર માની લઇયે કે પ્રામાણિકતા અને સત્યતાની જનની સંપત્તિ છે, પરંતુ એ કથનમાં કશી સત્યતા નથી. ગરીબ લોકોમાં એવા એવા સત્યનિષ્ટ, પ્રામાણિક અને વિશ્વસનીય લોકો હોય છે કે તેનાં જેવા સંપન્ન વર્ગમાં મુશ્કેલીથી જોવામાં આવશે. મોટા મોટા લક્ષાધિપતિ શેઠ શાહુકારો પોતાની બરોબરીવાળા સંબંધીયોનો જરા પણ વિશ્વાસ નથી કરતા. તેઓ પોતાનું સર્વસ્વ પાંચ સાત રૂપિયાના પગારદાર નોકરો પર છોડી દે છે, તે એટલે સુધી કે પોતાના બાળબચ્ચાંની સંભાળનું કામ પણ તેઓને સોંપે છે અને પોતે નિશ્ચિંતપણે રહે છે. બિચારા નિર્ધન સ્વામીભક્ત સેવકો પોતાનાં પ્રાણ જાય તો પણ પોતાના શેઠનું અનિષ્ટ થવા દેતા નથી. તો પછી એમ કેમ કહી શકાય કે નિર્ધન મનુષ્યો કદીપણ પ્રામાણિક ન હોઇ શકે ? એ બરાબર છે કે ઘણે ભાગે લોકો પૈસાની ખાતર મહાન્ અનર્થ કરી બેસે છે, ઘણા ગરીબ લોકો પાંચ -દશ રૂપિયા ખાતર નિરપરાધી બાલકોની હત્યા કરી બેસે છે; પરંતુ ઘણા ધનવાનો પણ ગરીબોનાં ગળાં પર શું છરી નથી ફેરવતાં ? અને તેઓ બીજાની મિલ્કત પચાવી પાડવા માટે અનેક પ્રકારના છલકપટ શું નથી કરતા ? સંસારમાં આવી જાતના અનેક ઉદાહરણો મળે છે જે જોઇને એમ કહેવું પડે છે કે ઘણે ભાગે સંપત્તિ મનુષ્યને દુરાચારની તરફજ દોરી જાય છે. ઘણું કરીને ધનવાનો જ દુરાચારનું સેવન કરતા જોવામાં આવે છે, ગરીબો પાસે તો એવા દુરાચાર સેવવા માટે પૈસા નથી હોતા. કેમકે તે બીચારા તો રાત દિવસ પોતાના પેટની ચિંતામાં જ હોય છે. પરંતુ ધનવાન મનુષ્ય યથેચ્છ અનાચાર કરી શકે છે અને પોતાના ધનવાનપણાને લઇને તે એનાં દુષ્પરિણામોથી પણ ડરતો નથી. ધનવાન મનુષ્ય દુષ્કર્મ કરે છે અને જ્યારે તેના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિણામ રૂપે તેના ઉપર કોઈ આપત્તિ આવી પડે છે ત્યારે તે પોતાના પૈસા પાણીની માફક વાપરે છે અને બહુધા તે આપત્તિથી બચી પણ જાય છે. સંપત્તિ મનુષ્યને પ્રાયે કરીને અવિવેકી, અવિચારી અને મદાંધ બનાવી મુકે છે અને સંપત્તિમાન મનુષ્ય પોતાની સાથે બીજાઓનો પણ નાશ કરતો જોવામાં આવે છે. સંસારમાં જે જે મહા પુરૂષ થઇ ગયાં છે, તેઓ પ્રાયે કરીને દરિદ્રાવસ્થામાં જ હતા. ઉદ્યોગ, ધૈર્ય, પરોપકાર વૃત્તિ, સુજનતા આદિ તેઓની વાસ્તવિક સંપત્તિ બની રહી હતી. એવાં અનેક ઉદાહરણો મળી શકે જેમાં મહાપુરૂષોએ મોટી મોટી રકમો લેવાની સાફ ના પાડી છે અને મોટા રાજાઓની ભેટોનો પણ અસ્વીકાર કર્યો છે. જે મનુષ્યની વૃત્તિ સાત્વિક હોય છે તેનામાં આત્મબળ હોય છે અને જે સમાજ, દેશ અને માનવજાતિનો સાચેસાચો સેવક હોય છે તેને ધન-સંપતિની જરા પણ પરવા નથી હોતી. તે પોતાના સદ્દગુણોને પોતાની અખૂટ દોલત સમજે છે અને પાર્થિવ દ્રવ્યને હંમેશાં અનાચાર અને દુષ્કર્મોનું મૂળ સમજે છે. આવા પુણ્યાત્માઓને જરૂર પડે છે ત્યારે આખા દેશની સંપત્તિ પણ તેઓનાં ચરણોમાં આવી પડે છે. ( ચાલુ )

# ક્ષમાપના.

( રાગ આશાવરી. )

( પ્રભાતીઉં. )

મન વચ કાયાએ કર્યાં, હું માફી માગું,
દેવગુરૂ શુદ્ધ ધર્મની, આજ્ઞા અનુરાગું. મન૦ ૧
તંદુલમચ્છ પેરે ચિંતવ્યું, મેં મારૂં મનડું,
ગંડુ પેરે મુખ બોલીયો, વશ રાખ્યું ના તનડું. મન૦ ૨
કોઇ મારે શત્રુ નથી, નથી કો સગો મારો,
હું નથી અરિ સગો કોઈનો, મારે પ્રભુ આધારો. મન૦ ૨
ક્રોધાદિક ચાર ચોરના, બંધન વશ કીધું,
કટુ વચન મેં કોઇને, મન દ્વેષમાં લીધું. મન૦ ૪
તનથી જગ વ્યવહાર મેં, કીધો પેટના માટે,
અંતરથી વેઠ જાણતો, પાપ થવા ઉચાટે. મન૦ ૫
મનુષ્ય મણી સમો તો મળ્યો, જગ તરવાને ઝહાજ,
પરમાત્મા પ્રભુ સાચો સગો, પુરૂષોત્તમ ઘડી આજ. મન૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચર્ચા પત્ર.

## સાધારણ દ્રવ્યને પુષ્ટિ કેમ મળે ?

આપણા હિંદુસ્તાનનાં દરેક જૈન દેરાસરમાં સાધારણ દ્રવ્યની બહુ ખેંચ માલુમ પડે છે. તેને અંગે આપણા જૈન મંદિરો નિભાવવા બહુ મુશ્કેલ પડે છે. વળી સાધારણ દ્રવ્ય સાત ક્ષેત્ર પૈકી દરેક ક્ષેત્રમાં વપરાય છે, તો તેની વૃદ્ધિ કરવી તે દરેક શ્રાવકની ફરજ છે.

દરેક દેરાસરમાં ઘીની બોલી બોલવામાં આવે છે. અને તેનાં જુદાં જુદાં શહેરો અને ગામોમાં દર મણના રૂા. રાા, ૩, ૪ અને તેથી પણ વધારે હોય છે. આ સઘળી ઉપજ દેવદ્રવ્યમાં જાય છે અને જવીજ જોઇએ. દરેક સ્થળે સાધારણ ખાતું ડુબતું હોય છે. તો દરેક દેરાસરમાં તેની કાયમની વૃદ્ધિ અને પુષ્ટિ માટે ઘીની બોલીમાં દર મણ દીઠ રૂા. ૧। અંકે સવાનો સાધારણ ખાતાનો ગણી વધારો કરવામાં આવે તો સાધારણ દ્રવ્યમાં તુટો આવશે નહિં અને દેવદ્રવ્યમાં હાની પણ થશે નહિં દ્રવ્ય-ક્ષેત્ર-કાલ અને ભાવને અનુસાર જૈન સંઘ દરેક કાર્યમાં ફેરફાર કરી શકે છે. તો અત્યારે આ પ્રમાણે ઘીની બોલી વખતે જે ગામો અને શહેરોમાં પણ ઘીનો જે ભાવ હોય તેની સાથે સાધારણ દ્રવ્યનો રૂા. ૧। અંકે સવા ઉમેરવા હિંદુસ્તાનનો સંઘ ઠરાવ કરે તો દેવદ્રવ્ય અને સાધારણ દ્રવ્ય એ બંનેનો હેતુ સચવાઇ રહેશે. હિંદુસ્તાનનો જૈન સંઘ આ બાબતનો વિચાર કરશે અને ઘટતું કરશે એવી નમ્ર વિનંતિ છે. લી. સેવક.

# વર્તમાન સમાચાર.

## વડોદરામાં જૈન સમારંભ.

મુનીમહારાજ શ્રી હંસવિજયજીના હાથે વિદ્યાર્થીઓને ઇનામ અહીંના જૈનશ્વેતાંબર મૂર્તિ પૂજક વિદ્યાર્થીઓને મે૦ ડો૦ બાલાભાઇ સ્મારક ફંડના હીસાબમાંથી ઇનામ આપવાનો મેળાવડો ઘડીયાળીપોળ, જાના શેરીના ઉપાશ્રયમાં પૂજ્ય મુનિમહારાજ શ્રીમદ્ હંસવિજયજીના પ્રમુખપણા નીચે ગઇ તા. ૧૯ મી રવીવારે સવારે થયો હતો.

### નિવેદન.

તે પછી રા. મણીલાલ બાપુભાઇ વૈદે નિવેદન રજુ કરતાં મેળાવડાનો હેતુ નિર્દિષ્ટ કરી જણાવ્યું કે મે. રાજ્યરત્ન ડૉ. બાલાભાઇ સાહેબના ગુણોથી આકર્ષાઇ અહીંના જૈન સંઘ તરફથી તેઓની યાદગીરી કાયમ રાખવા માટે ફંડ કરેલું તે ફંડના રૂા. ૯૦૦ ના વ્યાજમાંથી વિદ્યાર્થીઓ ર્થીઓને ઇનામ આપવા ઠરેલું છે તે મુજબ આ પાંચમો ઇનામ સંમારભ છે. ત્યારપછી ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિદ્યાર્થીઓને રોકડા રૂા ૭૨) વહેંચી આપ્યા હતા. તે ઉપરાંત ચાલુ સાલે ધાર્મિક પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાં ૧૪ છોકરાઓ અને ૨૪ કન્યાઓને જૈન આત્મારામજી પાઠશાળાના ફંડમાંથી, ૫૦ પુસ્તકો, શ્રી. હંસવિજયજી લાયબ્રેરી તરફથી, ૫૦ પુસ્તકો દક્ષિણ સાપુરવાળા. સંઘવી. નગીનદાસ હેમચંદ તરફથી ઇનામ આપવામાં આવે છે.

## ( પ્રાસંગિક વિવેચનો )

તે પછી પ્રમુખશ્રીની આજ્ઞાથી રા. હરીરાય બુચે પ્રાસંગિક વિવેચન કરતાં, હીંદુધર્મના જૈન અને જૈનેતર સંપ્રદાયોનાં અહિંસા–દયા વગેરે સામાન્ય તત્વો અને એક સંપ્રદાયની બીજા ઉપર રહેલી પરસ્પર અસર વિષે ઐતિહાસિક દ્રષ્ટિએ વિવેચન કર્યું હતું. ત્યાર પછી હરીરાય બુચ, ઉત્તમચંદ કેશવલાલ, વકીલ નંદલાલ લલ્લુભાઇ પ્રસંગાનુસાર બોલ્યા હતા. બાદ મુનિશ્રી હંસવિજયજી મહારાજના પવિત્ર હસ્તે પુસ્તકના ઇનામો વહેચાંયા બાદ મેળાવડો વિસર્જન થયો હતો.

## ધર્માદા જૈન દેશી ઔષધાલય–સુરત

સુરત ખાતે આશર ત્રણ વર્ષ ઉપર ઝવેરી નવલચંદ હેમચંદના સ્મરણાર્થે ગોપીપુરામાં સ્થપાયલાં મજકુર ઔષધાલયનો સારો લાભ લેવાય છે. ઝવેરી ભુરાભાઇ નવલચંદ અમોને લખી જણાવે છે કે સાધુઓને બહારગામ પણ દવા મફત મોકલાય છે. દરેક પ્રકારની સગ્રહણી, ઝાંડા અને કોલેરા ઉપર અકસીર એવી જીવન નિવાસ ગુટિકા નામની ગોળીઓ ગરીબોને મફત મળે છે બીજાઓ માટે ૨૫ ગોળીની કિંમત માત્ર ચાર આના રાખવામાં આવી છે. ફાયદો ન થાય તો પૈસા પાછા મળે છે.

આ ચાતુર્માસ દરમ્યાન સુરત શહેરમાં બિરાજમાન જૈનાચાર્ય શ્રીમદ્ વિજયકમલ-સૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી નિરાશ્રીત ફંડ જેમાં રૂા. ચાલીશ હજાર પ્રાચીન જૈન –હસ્ત લીખીત પુસ્તકોદ્ધાર ફંડમાં રૂા. વીશહજાર તેમજ બહારગામની ટીપોમાં રૂા. ચારહજાર વગેરે થયાં છે. સાથે ઉકત મહાત્માના ઉપદેશથી ત્યાં પોલીસ સુપરીન્ટેન્ડેન્ટ મુસલમાન છતાં તેમણે તાપીના પુલ પાસે એક માઇલમાં જાળ નહીં નાંખવા–માછલા નહીં પકડવા માટે કાયમનો અને મહારાજ શ્રી સુરતમાં રહે ત્યાં સુધી આખા સુરત જીલ્લામાં શ્રાવક લત્તામાં કુતરાને ઝેર નહીં દેવાનો હુકમ કર્યો છે. ( મળેલું )

# ગ્રંથાવલોકન.

## શ્રી મહાવીર સ્વામીચરિત્ર.

સંપાદક વકીલ નંદલાલ લલુભાઇ વડોદરા—પ્રકાશક શ્રી મુકિતકમલ જૈન મોહન માળા કોઠીપોળનીવતી તેના કાર્યાધિકારી શાહ લાલચંદ નંદલાલ કિંમત રૂ. ૧–૦–૦ ઉપરનો ગ્રંથ અમોને સમાલોચના માટે ભેટ મળ્યો છે. તેવીશ તીર્થંકર પ્રભુઓ કરતાં છેલ્લા ભગવાન્ મહાવીર પ્રભુના ચરિત્રમાં અનેક બનાવો એવા બનેલા છે કે તેમાંથી ઘણું જાણવાનું આદરવાનું, ભાવવાનું, અનુકરણ કરવાનું મળી શકે તેવું હોવાથી અનેક મનુષ્યો પોતપોતાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાન, અનુભવ અને લેખન શૈલીથી વિધવિધ પ્રકારે જુદા જુદા દષ્ટિ બિંદુથી લખી શકે, છતાં પ્રભુ અનંતગુણી હોવાથી સંપૂર્ણ લખી શકાય નહિં, પરંતુ ધર્મની ઉપર સંપૂર્ણ શ્રદ્ધા સાથે આગમ પ્રમાણને આગળ કરી ધર્મનું જ્ઞાન ધરાવનાર જે લખી શકે તેવું અન્યથી બની શકે નહીં. આ ગ્રંથના લેખક નંદલાલભાઇની આ લેખનશૈલીમાં તેવું જોવામાં આવે છે તેટલું જ નહીં પરંતુ જીવનના જે જે બનાવની હકીકત આવે છે તેના સાર રૂપે તે છેવટમાં જણાવી સાથે ઘણે સ્થળે જાણવા જેવી જૈન તત્ત્વજ્ઞાન, કર્મસ્વરૂપ વગેરેની હકીકતો પણ વિસ્તારથી આપેલ હોવાથી ઉપયોગી બનેલ છે. અમોને માનવાને પણ કારણ છે કે કેટલાક બંધુઓ એમ પણ કહેશે ઐતિહાસિક દષ્ટિએ લખાતાં ચરિત્રોમાં તત્ત્વજ્ઞાન વગેરેની શી જરૂર ? અમારે કહેવું જોઇએ કે મહાપુરૂષના જીવનચરિત્રમાંથી અનુકરણીય આદરણીય અને જ્ઞેય ઘણા ગુણો હોય છે અને તે કથા સાથે તેમાં જો તત્ત્વજ્ઞાનનું અમુક મીશ્રણ છેવટમાં હોય તો બાળ જીવોને તે રૂચીકર ઉપાદેય થતાં અસરકારક થાય છે. આ ગ્રંથમાં ધારવા પ્રમાણે તેના યોજક બંધુએ તે ઉદ્દેશ ધ્યાનમાં રાખ્યો હોય તેમ માનવું અસ્થાને નથી. ગ્રંથની લેખનશૈલી તદ્દન સાદી અને સરલ છે. વળી આખું ચરિત્ર ( ભગવંતના નયસારના ભવથી તીર્થંકર પણાના ભવ સુધી ( સતાવીશ ભવનું વર્ણન ) સતાવીશ પ્રકરણોમાં આપી એક ધાર્મિક નવલ કથાના રૂપમાં યોજ્યું છે. પ્રાંતે અકારાદિ ( ચરિત્ર અને બીજા વિષયોની ) અનુક્રમણિકા આપી વિશેષ સરલતા કરી આપી છે. સાતસો પાનાના આ મોટા ગ્રંથમાં આર્થિક મદદ સારી મળવાથી માત્ર એક રૂપીયો કિંમત ( મુદ્દલથી ઓછી ) પ્રચાર કરવાના હેતુથી પ્રકાશકે રાખેલ છે તે વ્યાજબી કર્યું છે. આવા મહાપુરૂષોના ચરિત્રો અનેક લખાઇ, પ્રકટ થઇ, સસ્તી કિંમતે પ્રચાર થઇ ઘેર ઘેર વંચાવા જોઇએ એમ અમો ભાર દઇને સુચવીયે છીયે. હવે પછી બીજી આવૃતિ કરવી પડે તો આ કરતાં સારા કાગળોમાં છપાવવાની પ્રકાશકને સૂચના આપવામાં આવે છે. અને આ ચરિત્ર દરેક જૈનબંધુને વાંચવાની ભલામણ કરવામાં આવે છે.

## હીપ્નોટીઝમ અથવા જીવનું વશીકરણ.

લેખક અને પ્રકાશક–ઝવેરી સાકરચંદ માણેકચંદ ધડીયાળી. પારસમણી ગ્રંથમાળાના ત્રીજા ગ્રંથ તરીકે આ ગ્રંથ પ્રકટ થયેલ છે. હીપ્નોટીઝમ એ ઇંગ્રેજી શબ્દ હોઇ ઘણા મનુષ્યો તે શું છે તે જાણતા નથી. શાસ્ત્રકાર મહારાજે આત્માની જે અનંતી શક્તિ કહેલી છે તે માંહેની શક્તિનો અમુક અંશ તે આ વિદ્યા છે. પોતાની ચિત્તવૃત્તિ ઉપર કાબુ મેળવી તેનાથી ઉત્પન્ન થતી શક્તિને કેળવી બીજાના શરીર અને આત્મા ઉપર કાબુ મેળવી શકાય, અનેક વ્યાધિઓ શક્તિદ્વારા નાબુદ કરી શકાય તેવી શક્તિ આ હિપ્નોટીઝમ વિદ્યામાં છે. જેમ પ્રાણાયામ અને યોગ સાધેલ મનુષ્યો કરી શકે છે તેવુંજ આ હિપ્નોટીઝમ વિદ્યામાં ઉપર જણાવેલ કેટલુંક છે. આ વિદ્યા પોતાની મેળે મનુષ્ય શીખી શક્તો નથી. છતાં કેટલીક ક્રિયાઓ જે માર્ગદર્શક છે તે આ ગ્રંથમાં સાદી રીતે સરલ ભાષામાં આપવામાં આવેલ છે. અને તેના પ્રયોગોમાં આ ગ્રંથમાં અનેક ચિત્રો ફોટાઓ આપી બતાવવામાં આવેલ છે. આ ગ્રંથ પ્રથમ હિપ્નોટીઝમ શું છે ? તે બતાવી પછી આત્મા ઉપર શ્રદ્ધા રાખવાનું જણાવતાં તે જેના ઉપર આધાર રાખે છે તે વીર્ય રક્ષણ અને બ્રહ્મચર્યની અગત્ય સિદ્ધ કરી બતાવેલ છે અને સાથે શરીરના રોગો નાબુદ થતાં આરોગ્યના ક્રેમ પમાય તે આ વિદ્યા શીખવાથી પ્રાપ્ત થાય તે જણાવેલ છે. બીજાના મન ઉપર કાબુ મેળવવાનું જ્ઞાન કેમ પ્રાપ્ત થાય ? અને તેને નિદ્રામાં નાંખી બીજાના મન ઉપર કેમ કાબુ મેળવાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને માટે અનેક પ્રયોગો આપી છેવટે ખરાબ ટેવવાળા મનુષ્યને સુધારવાના પ્રયોગો વગેરે અનેક હકીકતો આ ગ્રંથમાં આપી મનુષ્ય માટે માર્ગદર્શક આ ગ્રંથ લખ્યો છે. આ ગ્રંથના લેખક બંધુ ઘડીયાળી એક સારા લેખક અને ગ્રંથકાર છે તેમ તેના આગલા ગ્રંથો પારસમણી, વિજય-કળા અને આ ગ્રંથના વાચક વર્ગને સ્વાભાવિક માલમ પડે તેવું છે. આ ગ્રંથ અવશ્ય વાંચવા લાયક અને હિપ્નોટીઝમની વિદ્યા જાણવા માટે ઉપયોગી છે. અમારા સાંભળવા માનવા પ્રમાણે કિંમત રૂા ૮) આઠ રાખેલ છે તે કંઇ વધારે છે, જોકે છાપ, ચિત્રો અને સુંદર બાઇંડીંગ કરાવતાં મોંઘવારીને લઇને ખર્ચ પણ મોટો થવા સંભવ છે, છતાં ઓછી રાખી હોત તો વધારે લાભ લેવાત. દરેક મનુષ્યે આ ગ્રંથ અવસ્ય વાંચવો જોઇએ. મળવાનું ઠેકાણું, પ્રકાશકને ત્યાં, મદનજી મોહનજીનો માળો. અનંતવાડી. ભૂલેશ્વર—મુંબઈ નં૦ ૨

---

**શ્રી શાંતિનાથ–પંચકલ્યાણ પૂજા–યોજક શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વર**–પ્રકાશક-શ્રી આત્માનંદ જૈન સભાની વતી બાબુ ગોપિચંદ જૈની વકીલ બી.એ. એલ એલ બી. પંજાબમાં ગયા માગશર શુદ ૫ના રોજ શ્રીશાન્તિનાથ ભગવાનની પ્રતિષ્ઠા ના સમય ઉપર આ પૂજાની રચના યોજક મહાત્માએ કરી છે. પ્રથમ ચ્યવન કલ્યાણકની પૂજામાં શ્રી શાંતિનાથ પ્રભુના બાર ભવનું વર્ણન વિસ્તારથી આપવામાં આવેલ હોવાથી તે પ્રથમ પૂજા ઘણી મોટી થયેલ હોવાથી ખાસ જાણવા યોગ્ય છે. આ પૂજાની રચના કરનાર આચાર્યશ્રીએ શુમારે પંદર પૂજાઓ બનાવેલી છે તેમજ આ પૂજાની કૃતિ પણ ઉત્તમ બની છે. પદલાલિત્ય અને અનુપ્રાસ સાથે ભાવવાહી બનેલ છે. પૂજા પ્રેમી કે ઇચ્છક વધારે લાભલે માટે વગર મૂલ્યે આપવામાં આવે છે.

---

**દેવસી રાઇ પ્રતિક્રમણ આદિ સૂત્ર. ગુજરાતી લીપી.** પ્રકાશક શ્રાવક ભીમસીંહ માણેક ગુજરાતી ભાષામાં મૂળ મોટા ટાઇપમાં શુદ્ધ રીતે છપાયેલ છે. આ તેની સાતમી આવૃત્ત હોવાથી તેમજ સ્વાભાવિક રીતે તે ઉપયોગી હોઇને આપણી શાળામાં ભણતા વિદ્યાર્થીઓ માટે ઉપયોગી બની છે. કિંમત જણાવી નથી. મળવાનું ઠેકાણું ૧૦૭ ધનજી સ્ટ્રીટ મુંબઇ નં. ૩: પ્રકાશકને ત્યાં મળશે.

---

૧ ***શ્રી પર્યુષણા અષ્ટાન્હિકા વ્યાખ્યાન. શ્રી વિજયલક્ષ્મીસૂરિ*** *રચિત.* (શ્રી આત્મવલ્લભ સિરિઝ નં. ૪) સારા કાગળ અને ટાઇપથી પ્રગટ કરેલ છે. આ નિરંતરના ઉપયોગી ગ્રંથની અનેક આવૃતિઓ પ્રગટ થવાની જરૂર છે.

૨ **શ્રી દ્વાત્રિંશિકાત્રયી શ્રી મજજયશેખરસૂરિ** રચિત. જેમાં **શ્રી શત્રુંજય** તથા ગિરનારતીર્થ અને **શ્રી મહાવીર** પ્રભુની સ્તુતિ ગર્ભિત ત્રણ બત્રીશીઓ મૂળ સંસ્કૃતમાં છપાયેલ શ્રી આત્મવલ્લભ સિરિઝ નં. ૫ તરીકે પ્રગટ થયેલ છે. રચના ઉત્તમ હોવાથી કંઠાગ્ર કરવા જેવી છે.

૩ **શ્રી જગડુચરિત્ર મહાકાવ્ય** કર્ત્તા **શ્રી સર્વાનંદસૂરિ** મહારાજ છે. (શ્રી આ. વ. સી. નં. ૬) જુદા જુદા કાવ્યોનું બનેલું લઘુ ચરિત્ર ખાસ વાંચવા યોગ્ય છે. ઉપરોક્ત ત્રણ ગ્રંથો શ્રી આત્માનંદ જૈનસભા અંબાલા તરફથી પ્રગટ થયેલ છે. કિંમત રાખવામાં આવેલ નથી. તે પ્રચારની દૃષ્ટિએ યોગ્ય છે.

૪ **શ્રી દેવકુમાર ચરિત્ર. પૂર્વાચાર્યકૃત** આ સંસ્કૃત શ્લોક બદ્ધ ચરિત્ર પઠન પાઠન માટે ઉપયોગી છે. ઉપરોકત ચારે ગ્રંથોના સંશોધક પંન્યાસજી **શ્રી** ઉમંગવિજયજી મહારાજ છે. પોતાના દાદા ગુરૂ મહારાજની ભકિત નિમિત્તે કરવામાં આવતો આ પ્રયત્ન ઉપકારક છે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૫ શ્રી વીરશાશનનો પર્યુષણા સાહિત્ય સચિત્ર અંક—અમોને સમાલોચના અર્થે ભેટ મળેલ છે. આ અંકમાં એકંદરે ગદ્ય પદ્ય મળી ૩૭ લેખો જુદા જુદા મુનિ મહારાજ અને અન્ય લેખક ગૃહસ્થોના આવેલા છે. મુખ પૃષ્ટ ઉપરનું મધુબિન્દુનુ ચિત્ર અને તેની સમજ સાથે બહુ સુંદર છે અને તેની પાછળ સાધર્મિ વાત્સલ્યના પ્રકાર અને વિધિનો લેખ તેમજ આ અંકમાં આવેલા કેટલાક લેખો ખાસ વાંચવા જેવા છે. પત્રકારોની કોઇ પણ પર્વ કે માંગલિક પ્રસંગ નિમિત્તે આવા વધારા તરીકેના ખાસ અંકો પ્રગટ કરવાની પ્રણાલિકા બહુ આવકારકદાયક છે. આ અંકમાં વળી ઉપાધ્યાયજી મહારાજ શ્રી યશોવિજયજી મહારાજ—ખુદના હસ્તાક્ષરોનાં પાનાં—બે બ્લોક કરાવી આપેલ છે તે સાહિત્ય અને શોધ ખોળની દૃષ્ટિએ જોઇ વાંચી આનંદ થાય છે.

જલદી મંગાવો ! નહીં તો તક ખોશો ! જલદી મંગાવો !

# શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર (ભાષાંતર).

## ભાગ ૧ લો તથા ભાગ ૨ જો.

(અનુવાદક:—આચાર્ય મહારાજ શ્રી અજીતસાગરજી.)

પ્રભુના કલ્યાણકો અને દેવોએ તે વખતે કરેલ અપૂર્વ ભકિતનું વિસ્તારપૂર્વક વર્ણન શ્રીસુપાર્શ્વનાથ પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી અનેક સ્થળે વિચરી ભવ્યજીવોને આપેલ ઉપદેશ, અનેક કથાઓ અને શ્રાવક જનોને પાળવા લાયક વ્રતો અને તેના અતિચારો વગેરેનું વર્ણન ઘણુંજ વિશાળ રીતે આપેલ છે, આ કથાના ગ્રંથોમાં બુદ્ધિનો મહિમા—સ્વભાવનું વિવેચન, અદ્દભુત તત્ત્વવાદનું વર્ણન, લૌકિક આચાર, વ્યવહાર, સામાજીક પ્રવૃત્તિ, રાજકીય પરિસ્થિતિ, ધાર્મિક પ્રભાવ તથા નૈતિક જીવન વગેરે તત્ત્વનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. એકંદર આ ગ્રંથ માનવજીવનનો માર્ગદર્શક, જૈન દર્શનના આચાર વિચારનું ભાન કરાવનાર એક પ્રબળ સાધનરૂપ છે.

ઉંચા રેશમી કપડાના પાકા બાઇન્ડીંગના એક હજાર પાનાના આ બે ગ્રંથની કિંમત રૂા. ૪-૮-૦ પોસ્ટ ખર્ચ જુદો.

## અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

૧ જૈન ઐતિહાસિક ગુર્જર રાસ સંગ્રહ
૨ ષટ્સ્થાનક સટીક.
૩ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૪ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૫ વિજયદેવસૂરિ મહાત્મ્ય.
૬ જૈન ગ્રંથ પ્રશસ્તિ સંગ્રહ.
૭ લિંગાનુશાસનસ્વોપજ્ઞ (ટીકા સાથે)
૮ ગુરૂતત્ત્વ વિનિશ્ચય
૯ શ્રી વિમલનાથ ચરિત્ર ભાષાંતર.
૧૦ ધર્મરત્ન પ્રકરણ ભાષાંતર.
૧૧ શ્રી વાસુપૂજ્ય ચરિત્ર
૧૨ ચૈત્યવંદન મહાભાષ્ય ભાષાંતર.
૧૩ નવતત્ત્વ ભાષ્ય (ભાષાંતર)
૧૪ પ્રભાવક ચરિત્ર ભાષાંતર.
૧૫ શ્રી કુમારપાળ પ્રતિબોધ અનેક ઉપદેશક કથાઓ સહિત. શેઠ નાગરદાસભાઇ પુરૂષોત્તમદાસ તરફથી.
૧૬ આચારોપદેશ. શેઠ હકમચંદ વલ્લભજી મોરબીનિવાસી તરફથી.
૧૭ શ્રી અજીતકાવ્ય કિરણાવળી

નંબર ૯—૧૦—૧૧—૧૨—૧૩—૧૪ ગ્રંથમાં મદદની અપેક્ષા છે.

૧૮ પંચ પ્રતિક્રમણ સૂત્ર. (શાસ્ત્રી) સામાન્ય અર્થ, ભાવાર્થ, વિશેષાર્થ અને કેટલીક બીજી નવીન હકીકતો અભ્યાસીઓને જાણવા માટે જૈન પાઠશાળામાં ખાસ ચલાલવા યોગ્ય. કિંમત રૂા. ૧—૪—૦

નંબર ૧૦—૧૧—૧૨—૧૩—૧૪ માં મદદની અપેક્ષા છે.

For Private And Personal Use Only